દાખલ તારીખ :૦૬/૦૯/૨૦૧૭
રજી.લીધા તારીખ:૦૬/૦૯/૨૦૧૭
હુકમ તારીખ :૨૫/૦૨/૨૦૨૧
સમય ગાળો :– વર્ષ માસ દિવસ.

**આણંદના મે.ચોથા એડીશ્નલ સેશન્સ જજ શ્રી.એસ.એ.નકુમ સાહેબની કોર્ટમાં ,મુ.આણંદ.**

**સેસન્સ કેસ નં.૧૩૭/૨૦૧૭**
**આંક:–૬૩**

ફરીયાદી :– શ્રી સ ર કા ર.

**વિરુધ્ધ.**

આરોપીઓ :–
૧. શમાબેન જાવેદભાઈ શેખ
રહે.મલંગભાઈના તબેલામાં ,ભાડાના મકાનમાં ,પાલેજ જી.ભરુચ.
૨. શકીનાબેન સલીમહુસેન શેખ
રહે.ઈયાઝભાઈના ભાડાના મકાનમાં,અંકુર સોસાયટી, જહાંગીર પાર્ક,પાલેજ,જી.ભરુચ.
૩. સલીમહુસેન ઈકબાલભાઈ શેખ.
રહે.ઈયાઝભાઈના ભાડાના મકાનમાં,અંકુર સોસાયટી, જહાંગીર પાર્ક,પાલેજ,જી.ભરુચ.
૪. બચુભાઈ બાબરભાઈ ઠાકોર
રહે.લક્ષ્મી ટોકીઝ ચાર રસ્તા,ફુટપાથ ઉપર,આણંદ.
૫. જાવેદભાઈ સલીમભાઈ ફકીર
રહે.મલંગભાઈના તબેલામાં,ભાડાના મકાનમાં પાલેજ,જી.ભરુચ.

**ગુનો:–ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૩(ક),૧૨૦(બી) તથા જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૧૫ ની કલમ–૮૪ મુજબ.**

**સરકારશ્રી તરફે વિ.સરકારી વકીલશ્રી.એમ.એન.પટેલ.**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી.વી.આર.ભટ્ટ**

**–:: ઠ રા વ. ::–**

**(૧)** આ કામે ફરી.પક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે,ફરીયાદી–અર્જુનસીંગ ટેકસીંગ કસબીચા,રહે.રાવપુરા,વડોદરાનાઓની પત્ની તા.૨૩/૧૨/૨૦૧૫ ના રોજ આણંદ રેલ્વે સ્ટેશનથી ગુમ થયેલ જેની તપાસ થવા ફરીયાદીએ આણંદ રેલ્વે પોલીસ સ્ટે.મા અરજી આપેલી અને ફરીયાદી તેઓના સગીર ઉંમરના પુત્ર પરમવીર,ઉંમર આશરે અઢી વર્ષ

નાને સાથે લઈને તેઓની પત્નીને શોધવા માટે તા.૨૫/૧/૨૦૧૭ ના રોજ વડોદરાથી ટ્રેનમાં બેસી આણંદ રેલ્વે સ્ટેશને સાંજના કલાક ૬–૦૦ વાગે આવેલ અને તેઓની પત્નીની શોધખોળ કરેલ પરંતુ તે મળેલ નહી પછી ફરીયાદી આણંદ રેલ્વે સ્ટેશન મુસાફર ખાનામા ટીકીટ બારીઓ આવેલ છે તે સામેની જગ્યાએ જમી પરવારીને તેઓના સગીર પુત્ર પરમવીરને લઈને રાત્રીના આઠેક વાગેના સુમારે સુઈ ગયેલ હતા ત્યારે આરોપીઓએ કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોર આઝાદહુસેન અકબરહુસેન દિવાન,ઉ.વ.૧૪ સાથે તા.૨૫/૧/૨૦૧૭ ના રોજ આણંદ રેલ્વે સ્ટેશન ખાતે ભેગા મળી ગુનાહિત કાવતરુ રચી એકબીજાની મદદગારીથી રાત્રીના કલાક ૨૦–૦૦ થી કલાક ૨૧–૪૦ વાગ્યા સુધીના સમયગાળા દરમીયાન સદર જગ્યાએથી કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોર આઝાદહુસેન અકબરહુસેન દિવાન ધ્વારા ફરીયાદીના અઢી વર્ષના પુત્ર પરમવીરનુ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેમની સંમતી વિના અપહરણ કરી લઈ જઈ નાસી જઈ બાદ અપહરણસાથે બાળક સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોર તથા આરોપીઓ પકડાઈ જઈ ગુનો કરેલો છે.સદર ગુનાના કામે પ્રથમ અરજી તથા ફરીયાદ ફરીયાદી અર્જુનસીંગ ટેકસીંગ કસબીયાએ આણંદ રેલ્વે પો.સ્ટેશનમાં કરતા જે ફરીયાદ આણંદ રેલ્વે પો.સ્ટે.ફર્સ્ટ.ગુ.ર.નંબર.૦૨/૨૦૧૭ થી નોંધવામા આવેલ છે.સદર ફરીયાદના કામે આરોપીઓ વિરુઘ્ધ હાલનો સેસન્સ કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ફરીયાદની તપાસના કામે તપાસ કરનાર અમલદારને આરોપીઓ વિરુઘ્ધ પુરતા પુરાવા મળી આવતા તપાસ કરનાર અમલદાર તરફે આ કામે આરોપીઓ વિરુઘ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૩(ક), ૧૨૦(બી) તથા જુવેનાઈલ જસ્ટીસ એકટ–૨૦૧૫ ની કલમ–૮૪ મુજબના ગુનાની ચાર્જશીટ રજુ કરેલ છે. જેથી સદર સેશન્સ કોર્ટ આણંદ મુકામે સેસન્સ કેસ નંબર.કલમ–૧૩૭/૨૦૧૭ ,તા.૦૬/૦૯/૨૦૧૭ થી નોંધવામા આવેલ છે.ત્યારબાદ સદર કેસ બીજા એડી. એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ આણંદમા તબદીલ થતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે.વધુમાં તાજેતરમા અત્રેની પાંચમી એડીશ્નલ સેશન્સ જજ કોર્ટ અસ્તિત્વમાં આવતા સદર કેસ ન્યાય નિર્ણય માટે અત્રેની કોર્ટમાં રજુ કરવામા આવેલ છે જેથી આ અદાલતમા આરોપીઓ વિરુઘ્ધનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૩) આ કામના આરોપીઓ વિરુઘ્ધ મારી અગાઉના બીજા એડી.સેશન્સ જજ સાહેબ,આણંદ તરફથી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૩(ક), ૧૨૦(બી) તથા જુવેનાઈલ જસ્ટીસ એકટ–૨૦૧૫ ની કલમ–૮૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનુ આંક–૩

મુજબનુ તહોમતનામુ તા.૧૯/૦૬/૨૦૧૮ ના રોજ ફરમાવીને આંક–૩ થીજ થી ૮ સુધી આરોપીઓનુ નિવેદન લઈને આરોપીઓની પુછપરછ કરતા આરોપીઓએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.ત્યારબાદ ફરી.પક્ષે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.ફરીયાદપક્ષે પોતાનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો નીચે મુજબ રજુ કરેલો છે.

(૪) **<u>મૌખિક પુરાવો</u>**

| સાહેદ નં | આંક | સાહેદનુ નામ અને વિગત. |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરીયાદી અર્જુનસીંગ ટેકસીંગ કસબીયાની જુબાની |
| ૨ | ૧૫ | પંચ સાહેદ વિજયભાઈ અમરસીંહ પરમારની જુબાની |
| ૩ | ૧૭ | પંચ સાહેદ સુનીલકુમાર રામનિવાસગુપ્તાની જુબાની. |
| ૪ | ૧૮ | પંચ સાહેદ રમજાનશા હુસેનશા દિવાનની જુબાની |
| ૫ | ૨૦ | પંચ સાહેદ ભુપેન્દ્રભાઈ કનુભાઈ પરમારની જુબાની. |
| ૬ | ૨૨ | પંચનામુ સાહેદ મહેશકુમાર ચંદુભાઈ ચૌહાણ ની જુબાની. |
| ૭ | ૨૪ | પંચ સાહેદ દિનેશભાઈ ઘનશ્યામભાઈ ચાવડાની જુબાની. |
| ૮ | ૨૬ | પંચ સાહેદ મીતેશભાઈ રામઅવતા શર્માની જુબાની. |
| ૯ | ૨૯ | સાહેદ પ્રદિપસિંહ ફુલસીંહ ગોહીલની જુબાની. |
| ૧૦ | ૩૦ | સાહેદ કમલમેશભાઈ લાલજીભાઈ પારેખની જુબાની. |
| ૧૧ | ૩૨ | સાહેદ વિનુભાઈ શીરીલભાઈ પરમારની જુબાની.. |
| ૧૨ | ૩૭ | પંચ સાહેદ કૌસરબાનુ ઈમ્તીયાઝ ખલીફાની જુબાની. |
| ૧૩ | ૩૮ | સાહેદ સકીનાબેન સલીમભાઈ ફકીરની જુબાની. |
| ૧૪ | ૪૦ | પંચ સાહેદ સોહીલભાઈ વલીમોહમંદ વહોરાની જુબાની. |
| ૧૫ | ૪૧ | સાહેદ જસપાલસિંહ નટવરસીંહ મહીડાની જુબાની. |
| ૧૬ | ૪૨ | ત.ક.અ.જીવરાજભાઈ જેમોરભાઈ રબારીની જુબાની. |
| ૧૭ | ૫૨ | બીજેન્દ્રકુમાર જીથરાભાઈ બારીયાની જુબાની. |
| ૧૮ | ૫૩ | સાહેદ સુમીતકુમાર જીતેન્દ્રભાઈ રાજપુતની જુબાની. |

(૫) આ કામે ફરીયાદ પક્ષ તરફથી મૌખિક પુરાવા ઉપરાંત નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>દસ્તાવેજી પુરાવાઓ</u>**

| ક્રમ. | આંક | દસ્તાવેજની વિગત. |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરીયાદ. |
| ૨ | ૧૬ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ. |

| | | |
|---|---|---|
| ૩. | ૧૯ | આરોપીને અટક કર્યાનુ પંચનામુ.. |
| ૪ | ૨૧ | સી.સી.ટી.વી.કેમેરાની ફુટેજ તથા પેન ડ્રાઈવનુ પંચનામુ. |
| ૫ | ૨૫ | અપહરણ થયેલ બાળકનો કબ્જો સોપ્યા અંગેનુ પંચનામુ. |
| ૬ | ૨૭ | આરોપીને અટક કર્યાનુ પંચનામુ. |
| ૭ | ૨૮ | કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરનો કબજો મેળવવા કરેલ પંચનામુ. |
| ૮ | ૩૩ | ક્રિષ્ના મોટેલ ગેસ્ટ હાઉસના રજીસ્ટરનો ઉતારો. |
| ૯ | ૩૪ | ક્રિષ્ના મોટેલ ગેસ્ટ હાઉસની નોંધણીનુ પ્રમાણપત્ર. |
| ૧૦ | ૩૫ | આઈ.ડી.પ્રુફ ઈલેકશન કાર્ડની ઝેરોક્ષ નકલ. |
| ૧૧ | ૪૩ | સી.સી.ટી.વી.ફુટેજ મેળવવા કરેલ યાદી. |
| ૧૨ | ૪૪ | સી.ડી.આર./એસ.ડી.આર./આઈએમઈ ની માહીતી માટે કરેલ યાદી. |
| ૧૩ | ૪૫ | સી.સી.ટી.વી.ફુટેજ મેળવવા કરેલ યાદી.. |
| ૧૪ | ૪૬ | ગુનાની તપાસ સંભાળી લેવા કરેલ યાદી.. |
| ૧૫ | ૪૭ | સુચીપત્રક |
| ૧૬ | ૪૮ | સ્પે.રીપોર્ટ. |
| ૧૭ | ૪૯ | ફેકસ મેસેજ. |
| ૧૮ | ૫૦ | તપાસમા જવા અંગેની મંજુરીનો પત્ર. |
| ૧૯ | ૫૧ | તપાસમા જવાની મંજુરી. |
| ૨૦ | ૫૩ | ઈ.પી.કો.કલમ–૧૨૦–બી ના ઉમેરા અંગેનો રીપોર્ટ. |

(૬) ફરીયાદપક્ષે ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ વિધ્વાન સરકારી વકીલશ્રી.એમ.એન.પટેલ તરફે વધુ કોઈ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરતી પુરાવા બંધની પુરસીસ આંક–૫૮ થી રજુ થયા બાદ આરોપીઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.જેમા તમામ આરોપીઓએ વિશેષમા જણાવેલ છે કે તેઓ સામે પોલીસે ખોટી ફરીયાદ ઉભી કરી લખેલા પંચનામાંમાં પાછળથી પંચોની સહી કરી લીધેલ છે.નિવેદનો તથા ફરીયાદને અનુરુપ લખી લીધેલ હોય આરોપીઓ વિરુધ્ધ ખોટા પુરાવા ઉભા કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.આરોપીઓ તરફે જાતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાના બચાવમાં સાહેદો તપાસેલા નથી.ત્યારબાદ તા.૨૭/૧/૨૦૨૧ ના રોજ આરોપીઓનુ વિશેષ નિવેદન નોધતા તેમા પ્રમાણપત્ર જોયુ નથી,સદર સી.ડી.બતાવવામા આવેલ છે તે વાત ખરી છે આ સિવાયની વાત ખરી નથી.વિશેષમા તેઓને પુછતા આરોપીઓ જણાવે છે કે તેઓની સામે ખોટો પુરાવો ઉભો કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૭) સદર કામે સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી.એમ.એન.પટેલ હાજર થયેલા

છે અને દલીલ કરેલ છે જેમા તેઓ ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ-૩૬૩(૧), ૧૨૦(બી) તથા જુવેનાઈલ જસ્ટીસ એકટ-૨૦૧૫ ની કલમ-૮૪ મુજબને સજાને પાત્ર ગુનો દાખલ કરવામાં આવેલ અને તે ગુનાના કામે ચાર્જશીટ થતા આંક-૩ થી તહોમતનામુ ફરમાવેલ છે.સદર કામે ફરી.પક્ષના કેસ મુજબ ફરીયાદીના પુત્ર પરમવીર આણંદ રેલ્વે સ્ટેશનમાંથી ગુમ થયેલ જેની તપાસ આણંદ રેલ્વે સ્ટેશન મારફતે કરવામાં આવતા હાલના આરોપીઓએ તથા કાયદાના સંઘર્ષમા રહેલ આઝાદદહુસેન અકબરહુસેન દિવાને ભેગા મળી ગુનાહીત કાવતરુ રચી એકબીજાની મદદગારીથી રાત્રીના ૨૦-૦૦ થી કલાક ૨૧-૪૦ વાગ્યા સુધીના સમયગાળા દરમીયાન ફરીયાદીના અઢી વર્ષના પુત્ર પરમવીરનુ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ નાસી ગયેલ છે. મજકુર તહોમતનામુ પુરવાર કરવા માટે ફરી.પક્ષે કુલ-૧૮ સાહેદોને તપાસેલા છે જે પૈકી ફરીયાદી અર્જુનસીંગ ટેકસીંગને આંક-૧૧ થી તપાસવામાં આવેલા છે. તેઓના પુરાવાથી તા.૨૫/૧/૨૦૧૭ ના રોજ તેઓના સગીર પુત્ર પરમવીર આણંદ રેલ્વે સ્ટેશનથી ગુમ થઈ ગયેલ હોવાનુ અને તે સબબ આણંદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં તપાસ થવા સારુ અરજી કરતા સી.સી.ટી.વી.ફુટેજ ફરીયાદીને બતાવવામાં આવતા હાલના આરોપીઓ મજકુર સગીર પરમવીરનુ અપહરણ કરી લઈ ગયેલ હોવાનુ જણાય આવે છે જે આરોપીઓને ફરીયાદી પોતે ઓળખી બતાવે છે.ત્યારબાદ તેઓના સગીર પુત્ર પાલેજ રેલ્વે સ્ટેશનના મુસાફરખાનામાં હોવાની બાતમી મળતા તેઓ વડોદરા રેલ્વે પોલીસ સાથે પાલેજ રેલ્વે સ્ટેશન ગયેલા ત્યા મુસાફરખાનામાં આરોપીઓ સાથે સગીર પુત્ર મળી આવેલ હોવાનુ જણાવે છે. એટલુજ નહી તે વખતે સગીરના વાળ કપાવી સોજીત્રા મુકામે કપાવેલા અને તેનુ નામ પણ બદલીને મોઈન રાખેલ હોવાનુ ફલીત થાય છે જે હકીકતે આરોપીઓનો ઈરાદો સગીર પરમવીરનુ અપહરણ કરી તેની પાસે ભીખ મંગાવવાનો હોય તેવુ જણાય છે. તેજ રીતે ફરી.પક્ષે સાહેદ નં.૯ પ્રદીપસિંહ ફુલસિંહ ગોહીલને આંક-૨૯ થી તપાસેલા છે જેઓના મૌખિક પુરાવાથી ફરીયાદીએ જે ઉપરોકત હકીકત જણાવે છે તેને સમર્થન પ્રાપ્ત થાય છે.વધુમા તેઓના પુરાવા મુજબ તેઓ તા.૧૦/૩/૧૭ ના રોજ મળેલ બાતમીના આધારે વડોદરા રેલ્વે સ્ટેશનથી પાલેજ રેલ્વે સ્ટેશનના મુસાફરખાનામા ગયેલા ત્યા હાલના આરોપીઓ સદર સગીર પરમવીર સાથે પકડાઈ ગયેલ હોવાનુ જણાય આવે છે. વધુમાં આ કામે ફરી.પક્ષના કેસ મુજબ સગીરનુ અપહરણ કર્યા બાદ તેના માથાના વાળ કાપી નાંખી ટકો કરવામાં આવેલ જે અંગે સાહેદ નં.૧૦ કમલેશકુમારને આંક-૩૦ થી તપાસેલા છે અને તેઓના પુરાવા ઉપરથી તેમના દિકરાને એક સ્ત્રી નાના

છોકરાને લઈને તેની લોટી કરાવવા આવેલ હોવાનુ ફલીત થાય છે. વધુમાં સાહેદવિનુભાઈ પરમારનો આંક–૩૨ નો પુરાવાથી હાલના આરોપીઓ સગીરને લઈને સને ૨૦૧૭ ના અરસામાં ક્રિષ્ના મોટેલ  ગેસ્ટ હાઉસમાં આશ્રય લીધેલ હોવાનુ જણાય આવે છે.આમ સદર તમામ હકીકતો અને સંજોગોમા તમામ આરોપીઓએ એકબીજા સાથે ભેગા મળી ગુનાહીત કાવતરુ રચવાના ઈરાદે ફરીયાદીના સગીર પુત્ર પરમવીરને ભીક્ષાવૃતિનુ કાર્ય કરવાના ઈરાદે અપહરણ કરેલ હોવાનુ પુરવાર થાય છે. આ કામે સી.સી.ટી.વી.ફુટેજનો જરુરી ઉતારો પેઈન ડ્રાઈવ તથા સી.ડી.માં મેળવી રજુ કરેલ છે જે અંગેનુ ૬૫.બી અંગેનુ પ્રમાણપત્ર આંક–૫૭ થી રજુ કરેલ છે જે વંચાણે લઈ ધ્યાને લેવામાં આવે તો પણ આરોપીઓની ઓળખ સી. સી. ટી. વી. ફુટેજથી સ્પષ્ટ થાય છે અને તે મુજબ તેઓએ ફરીયાદીના પુત્રનુ અપહરણ કરેલ હોવાનુ પણ પુરવાર થાય છે.આમ સદર તમામ હકીકતો અને સંજોગોમાં ફરી.પક્ષે પોતાનો કેસ  નિ:શં કપણે પુરવાર કરેલ હોય આરોપીઓને સખતમાં સખત સજા કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

(૮) આ કામે બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી.વી.આર.ભટ્ટ હાજર થયેલા છે અને તેઓએ તેમની દલીલમા ભારપુર્વક રજુઆત કરેલ છે કે સદર કામે ફરીયાદ પક્ષે તપાસેલા સાહેદોના પુરાવાથી આરોપીઓ વિરુધ્ધ શંકારહીત સંડોવી શકાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.ફરી.પક્ષે મુખ્યત્વે સી.સી.ટી.વી.ફુટેજ ઉપર આધાર રાખેલ છે જે સી.સી.ટી.વી.ફુટેજની ડી.વી.આર.આ કામે કબજે લઈ તેનુ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ.તરફ મોકલવામાં આવેલ નથી તેવા સંજોગોમાં ફુટેજની પેઈન ડ્રાઈવ તથા સી.ડી.આ કામે રજુ થયેલ છે તે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી અને તેના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.વધુમા તા.૧૦/૩/૧૭ ના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે આ ફરીયાદી તથા પોલીસના માણસો પાલેજ મુસાફરખાનામા ગયેલ હોવાનુ જણાય આવે છે. પરંતુ પાલેજ મુસાફરખાનામા ફરીયાદીના પુત્રને ભીક્ષા મંગાવતા હોય તેવો કોઈ પુરાવો પણ રજુ કરવામાં આવેલ નથી.એટલુજ નહી સાહેદ પ્રદીપસિંહ ફુલસીંહના પુરાવામાંથી સ્પષ્ટપણે નીકળી આવે છે કે જયારે પાલેજ રેલ્વે સ્ટેશન ના મુસાફરખાનામાં પહોચ્યા ત્યારે તેઓએ કોઈપણ વ્યકિતને ભીખ માંગતા જોયેલા નથી કે પકડેલ નથી અને માત્ર આરોપીઓ અને બાળક મુસાફરખાનામાં હતા તેના આધારે અનુમાન કરી આરોપીઓને ખોટી રીતે સંડોવી દેવામા આવેલા છે.અત્રે એ હકીકત નોંધનીય છે કે આરોપી બચુભાઈ સિવાયના તમામ આરોપીઓ પાલેજના રહેવાસી છે તેવા સંજોગોમાં મુસાફરખાનામાં બેસવાની કોઈ જરુર ન હતી અને તેથી તમામ આરોપીઓને ખોટી રીતે આ ગુનામાં સંડોવી દીધેલ

હોવાનુ પુરવાર થાય છે.સાહેદ કમલેશભાઈ વાળંદના પુરાવાથી હાલના ફરીયાદીના પુત્રને લઈને આરોપીઓ પૈકી કોઈ આરોપી તેઓ પાસે વાળ કપાવવા ગયેલા હોય તેવો સ્પષ્ટ પુરાવો આવતો નથી.તેજ રીતે સાહેદ વિનુભાઈ પરમારના પુરાવાથી આરોપીઓ સગીર પરમવીરને લઈને જ ક્રિષ્ના મોટેલમા રોકાયેલા હોય તેવો પણ કોઈ સ્પષ્ટ પુરાવો રજુ થતો નથી જે તમામ હકીકતો અને સંજોગોમાં આરોપીઓ વિરુધ્ધનો પુરાવો ન્રિશંકપણે પુરવાર થતો નથી.બચાવપક્ષે પોતાની દલીલના સમર્થનમાં આ કોર્ટ સમક્ષ અનવર પી.વી.વિરુધ્ધ પી.કે.બસીર અને અન્ય ,એ.આઈ.આર.૨૦૧૫ સુપ્રિમ કોર્ટ, પેજ નં.૧૮૦ તથા સાફી મહમંદ વિરુધ્ધ સ્ટેટ ઓફહીમાચલ પ્રદેશ ,૨૦૧૮(૫)એસ.એસ.સી.પાન નં.૩૧૧ ના ચુકાદા ઉપર આધાર રાખે છે અને રજુઆત કરે છે કે આ કામમા જે ઈલિકટ્રીકલ એવીડન્સ રજુ થયેલ છે તે મજકુર ચુકાદા મુજબ પુરાવામાં ગ્રાહય નથી અને તેથી આરોપીઓને સંડોવતો કોઈ પુરાવો રજુ થતો ન હોય તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

(૯) આ કામે બંને પક્ષકારો તરફે થયેલ રજુઆત તથા રજુ થયેલ રેકર્ડ પુરાવાઓ ધ્યાને લેતા કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

**// મુદ્દાઓ //**

**મુદા નં–.૧** શુ ફરી.પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે તમામ આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોર આઝાદહુસેન અકબરહુસેન દિવાને તારીખ.૨૫/૦૧/૨૦૧૭ ના રોજ આણંદ રેલ્વે સ્ટેશન ખાતે ભેગા થઈ ગુનાહિત કાવતરુ રચી એકબીજાની મદદગારીથી ફરીયાદીના અઢી વર્ષના પુત્ર પરમવીરનુ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેમની સંમતી વિના ભીક્ષા વૃત્તિ કરાવવાના ઈરાદે અપહરણ કરી લઈ જઈ નાસી જઈ આ કામના તમામ આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩(ક) ની સાથે વંચાણે લઈ જુવેનાઈલ જસ્ટીસ એકટ–૨૦૧૫ ની કલમ–૮૪ તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

**મુદા નં.–૨** શુ આખરી હુકમ ?

(૧૦) ઉપરોકત મુદાઓનો મારો આખરી નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**(૧૧)** આ કામે બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની મૌખીક રજુઆત તથા રજુ થયેલ રેકર્ડનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ઉપરોકત મુદાઓના નિર્ણયના કારણો નીચે મુજબ રહેલા છે.

**// કા ર ણો. //**

**(૧૨)** સદર કામે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. તેમજ ઉભયપક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો ઘ્યાને લીધી.આરોપીઓ વિરુઘ્ધનુ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે કુલ–૧૮ સાહેદોને તપાસવામા આવેલા છે.જે પૈકી સાહેદ નં.૧ તરીકે આંક–૧૧ થી ફરીયાદી અર્જુનસીંગ ટેકસીંગ કસબીયાને તપાસવામા આવેલા છે જેઓ તેમની સોગંદ પરના પુરાવામા જણાવે છે કે,મારી પત્ની મનજીતકૌર સને ૨૦૧૫ ની સાલમા આણંદ રેલ્વે સ્ટેશનથી ગુમ થયેલ અને જેની અરજી આણંદ રેલ્વે પો.સ્ટે.માં આપેલ હતી જેથી હુ મારા દિકરાને લઈને મારી પત્નીની શોધ કરવા માટે તા.૨૫/૧/૧૭ ના રોજ વડોદરાથી ટ્રેનમા બેસી આણંદ રેલ્વે સ્ટેશને સાંજના છ વાગે આવેલો અને ત્યા આગળ મારી પત્નીની શોધખોળ કરતો હતો પરંતુ તેણી મળી આવેલ નહી જેથી હુ રેલ્વે સ્ટેશનના મુસાફરખાનામા ટીકીટ બારી આગળ જમીને મારા દિકરા સાથે સુઈ ગયેલો અને રાત્રે સાડા નવથી પોણા દશ વાગે હુ જાગેલો તે વખતે મારો દિકરી પરમવીર જોવા મળેલ નહી જેથી આજુબાજુ તપાસ કરેલી પરંતુ કોઈપણ જગ્યાએ મળેલ નહી જેથી મારા દિકરાને કોઈ અજાણી વ્યકિત અપહરણ કરીને લઈ ગયેલ છે તે બાબતે તા.૨૭/૧/૧૭ ના રોજ આણંદ રેલ્વે પો.સ્ટેશનમા ફરીયાદ આપેલી જે ફરીયાદ આંક–૧૨ થી રજુ છે.સદર ફરીયાદી વઘુમા જણાવે છે કે, આણંદ રેલ્વે પોલીસે મને સી.સી.ટી.વી.ફુટેજ બતાવેલ અને તેમા મે આરોપીઓને ઓળખેલા અને તેઓ મારા દિકરાને ઉઠાવીને લઈ જતા હતા,મારા દિકરાના વાળ સી.સી.ટી.વી.ફુટેજમા કપાયેલા જણાયેલા. ત્યારબાદ મારા દિકરાને લઈને પોલીસ આવેલ ત્યારે મારા દિકરાના વાળ કપાયેલા હતા અને તેના ગળામા લીલા કલરનુ તાવીજ હતુ.મારી હાજરીમા પોલીસે આરોપીઓને તાવીજ બાબતે અને વાળ કેમ કપાવ્યા તે બાબતે પુછતા તેઓએ પોલીસને જણાવેલ કે મારા દિકરાના વાળ તેઓએ સોજીત્રા કપાવી લીધેલા અને આરોપીઓએ તેના ગળામા તાવીજ પહેરાવી દીધેલુ અને તેનુ નામ મોઈન રાખી દીધુ.પોલીસે મને જણાવેલ કે તમારા દિકરા પાસેથી તેઓ ભીખ મંગાવતા હતા.સદર ફરીયાદી કોર્ટમા હાજર આરોપીઓને ચહેરાથી ઓળખી બતાવે છે.

સદર ફરીયાદીની બચાવપક્ષ ઘ્યારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા

તેઓ એ હકીકત સ્વીકારે છે કે, ફરીયાદમા કોઈ પણ વ્યકિતના રુપ,રંગ,આકાર,વર્ણન જણાવેલ ન હતા.સદર સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મે પોલીસને જણાવેલ હતુ કે તેમાં બે સ્ત્રીઓ અને બે પુરુષો હતા.સદર સાહેદ વધુમા એ હકીકત સ્વીકારે છે કે, આંક–૧૨ વાળી ફરીયાદમા બે સ્ત્રી અને ત્રણ ભાઈઓ એવુ લખેલ નથી.પોલીસે મને ફરીયાદ આપ્યા પછી અઠવાડીયા દશ દિવસે મને સી.સી.ટી.વી.ફુટેજ બતાવેલ અને તેને જોયા પછી પોલીસે મારી પુછપરછ કરેલી જેમા એવું જણાવેલ કે, બે સ્ત્રીઓ દેખાય છે જેને હુ ઓળખુ છુ.તેઓ વધુમા એ હકીકત સ્વીકારે છે કે પોલીસે મને ફરીયાદ આપ્યા પછી આજદીન સુધી કોઈ મામલતદાર ઓફીસમા આરોપીઓની ઓળખપરેડ કરાવેલ નથી.તેઓ વધુમા એ હકીકત સ્વીકારે છે કે તા.૧૦/૩/૧૭ ના રોજ એલ.સી.બી.વડોદરાએ મને એવુ જણાવેલ કે તમારો દિકરો અને ચાર આરોપીઓ મળી આવેલા છે તમે એલ.સી.બી.કચેરીએ આવો તે વખતે એલ.સી.બી.પો.ઈન્સ.શ્રી.બી.જે.બારૈયાએ મને કહેલ કે આ ચાર આરોપીઓ તમારા દિકરાનુ અપહરણ કરેલ છે અને ત્યારબાદ મને ખ્યાલ આવેલ કે આ ચારેય આરોપીઓ અપહરણ કરીને લઈ ગયા હશે.તેઓ એ હકીકત પણ સ્વીકારે છે કે એલ.સી.બી.પી.આઈ.શ્રી.બારૈયાએ મને એવુ પણ જણાવેલ કે આરોપીઓ તમારા બાળક પાસે ભીખ મંગાવતા હતા.મારો દિકરો ભીખ માંગતો હોય તેવુ ફુટેજ મે જાતે જોયેલ નથી.સદર ફરીયાદી વધુમા સ્વીકારે છે કે મારો દિકરો ગુમ થયો ત્યારબાદ પ્રથમ વખત એલ.સી.બી.વડોદરાએ મને મારો દિકરો બતાવેલ.મારા દિકરાનુ નામ આરોપીઓએ મોઈનખાન રાખેલ છે તે હકીકત મને પી.આઈ.શ્રી.બારૈયાએ જણાવેલ હતુ.

આમ,સદર ફરીયાદી સાહેદનો મૌખિક પુરાવો જોતા તા.૨૫/૧/૧૭ ના રોજ તેઓ તેમની પત્નીની શોધખોળ કરવા માટે વડોદરા થી આણંદ રેલ્વે સ્ટેશને આવેલા ત્યારે તે જમીને મુસાફરખાનામાં સુઈ ગયા હતા તે દરમીયાન તેમના પુત્ર પરમવીરનુ કોઈક ઈસમો ધ્વારા અપહરણ કરવામા આવેલ અને થોડા દિવસ બાદ આણંદ રેલ્વે પોલીસે તેઓને સી.સી.ટી.વી.ફુટેજ બતાવતા આરોપીઓને તેઓ ઓળખી બતાવી તેઓએ તેમના દિકરાને ઉઠાવીને લઈ જતા જોયેલ હોવાનુ જણાય આવે છે.વધુમાં પોલીસના જણાવ્યા મુજબ આ આરોપીઓ તેમના દિકરા પાસેથી ભીખ મંગાવતા હોવાનુ પણ નીકળી આવે છે.

(૧૩) ત્યારબાદ ફરી.પક્ષે સાહેદ નંબર.૨ તરીકે પંચ સાહેદ વિજય અમરસીંહ પરમારને આંક–૧૫ થી તથા સાહેદ નંબર.૩ તરીકે પંચ સાહેદ સુનીલકુમાર રામનિવાસ

ગુપ્તાને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.તેઓ આંક–૧૬ વાળા પંચનામાના પંચો છે.બંને પંચ સાહેદો તેમના પુરાવા દરમીયાન આંક–૧૬ ના પંચનામામા તેઓની સહી છે તે સિવાય બીજી કોઈ હકીકતને સમર્થન આપતા નથી અને તેથી તેઓને ફરી ગયેલા જાહેર કરી,કોર્ટની પરવાનગીથી વિ.એપીપીશ્રીએ ઉલટતપાસ કરેલ છે જે દરમીયાન પણ તેઓએ કોઈ ફળદાયક હકીકત જણાવેલ નથી.

(૧૪) ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ તરીકે પંચ સાહેદ રમજાનશા હુસેનશા દિવાનને આંક–૧૮ થી તથા સાહેદ નં.૧૨ તરીકે આંક–૩૭ થી પંચ સાહેદ કૌસરબાનુ ઈમ્તીયાઝ ખલીયાને સોગંદ ઉપર તપાસવામા આવેલા છે. જેઓ આંક–૧૯ ના પંચનામાના પંચ સાહેદો છે અને તેઓ આંક–૧૯ વાળા પંચનામામા તેઓની સહી હોવાનુ જણાવી પંચનામુ તેમની રુબરુ થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરે છે અને પંચનામાને સમર્થન આપતા નથી જેથી તેઓને ફરી ગયેલા જાહેર કરી,કોર્ટની પરવાનગીથી વિ.એપીપીશ્રીએ ઉલટતપાસ કરેલ છે જે દરમીયાન પણ તેઓએ કોઈ ફળદાયક હકીકત જણાવેલ નથી.

(૧૫) ફરી.પક્ષે સાહેદ નં.૫ તરીકે પંચ સાહેદ ભુપેન્દ્રભાઈ કનુભાઈ પરમારને આં ક–૨૦ થી તથા સાહેદ નં.૬ તરીકે પંચ સાહેદ મહેશકુમાર ચંદુભાઈ ચૌહાણને આંક–૨૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.જેઓ પંચનામામાં પોતાની સહી હોવાનુ સ્વીકારે છે તે સિવાય તેઓની હાજરીમાં પંચનામાની વિગતે કોઈપણ પ્રકારની કાર્યવાહી થયેલ હોય તે હકીકતનો ઈન્કાર કરેલ છે અને તૈયાર લખેલા પંચનામાંમાં સહી કરેલ હોવાનુ જણાવે છે તેથી તેઓ ફરી.પક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી,કોર્ટની પરવાનગીથી વિ.એપીપીશ્રીએ ઉલટતપાસ કરેલ છે જે દરમીયાન પણ તેઓએ કોઈ ફળદાયક હકીકત જણાવેલ નથી.

(૧૬) ત્યારબાદ ફરી.પક્ષે સાહેદ નંબર.૭ તરીકે પંચ સાહેદ દિનેશભાઈ ઘનશ્યામભાઈ ચાવડાને આંક–૨૪ થી તથા સાહેદ નં.૮ તરીકે પંચ સાહેદ મીતેશ રામઅવતાર શર્માને આંક–૨૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.જેઓ આંક–૨૫ વાળા પંચનામાના પંચ સાહેદો છે અને તેમા તેઓની સહી હોવાનુ સ્વીકારે છે તે સિવાય બીજી કોઈ હકીકત સ્વીકારતા નથી અને પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી

જેથી ફરી.પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે. તે દરમીયાન પણ તેઓએ કોઈ ફળદાયક હકીકત જણાવેલ નથી.સદર પંચ સાહેદ મીતેશ રામઅવતાર શર્મા આંક–૨૭ થી રજુ થયેલ પંચનામાના પંચ છે તેઓએ પંચ નં.૧ તરીકે પોતાની સહી હોવાનુ સ્વીકારે છે તે સિવાય બીજી કોઈ હકીકત તેઓની હાજરીમા થયેલ હોય તેવુ જણાવતા નથી અને આમ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી જેથી તેઓને ફરી.પક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે. તે દરમીયાન પણ તેઓએ કોઈ ફળદાયક હકીકત જણાવેલ નથી.

(૧૭) ફરીયાદ પક્ષે સાહેદ નંબર.૦૯ તરીકે સાહેદ પ્રદિપસિંહ કુલસિંહ ગોહીલને આંક–૨૯ થી તપાસવામા આવેલા છે. તેઓ એસ.ઓ.જી.વડોદરા પશ્ચિમ રેલ્વેમાં એ.એસ.આઈ.તરીકે ફરજ બજાવે છે.તારીખ.૧૦/૦૩/૨૦૧૭ ના રોજ તેઓ ફરજ ઉપર હાજર હતા ત્યારે એલ. સી. બી. પોલીસ સ્ટેશન વડોદરા પશ્ચિમ રેલ્વે વિભાગના ઈ.પી.આઈ.શ્રી.બારીયા સાહેબને એક અપહરણ થયેલ બાળકને બાતમીદાર મારફતે બાતમી મળેલ તે મુજબ કલાક ૧૩–૩૫ વાગે તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસોને સાથે રાખીને તથા ફરીયાદી અર્જુનસિંહ ટેગસીંહ કસબીયાને સાથે રાખી કલાક ૧૪–૪૦ વાગે વડોદરા રેલ્વે સ્ટેશનથી પાલેજ રેલ્વે સ્ટેશન પહોચેલા જયા બાતમીદારના જણાવ્યા મુજબના ચાર સ્ત્રી પુરુષ અને બે નાના બાળકો પૈકી એક બાળકને જોઈને ફરીયાદીએ ઈશારો કરીને પોતાનુ બાળક હોય અને તેના વાળ કાપેલા છે તેમ ઓળખી બતાવેલ જેથી કોર્ડન કરી સદર ચાર સ્ત્રી પુરુષ અને બે બળકોને પકડેલા અને તેઓની પુછપરછ કરતા તેઓએ કોઈ સંતોષકારક જવાબ ન આપતા પી.આઈ.શ્રી. બારૈયાએ નજીકમાંથી બે પંચોને બોલાવી તેઓની હાજરીમા બંને સ્ત્રી પુરુષોનુ નામ પુછીને પંચનામુ કરેલુ અને તેઓની પાસેથી મોબાઈલ ફોન,મેમરી કાર્ડ,પાણીનો જગ,ચલણી નોટો,મોબાઈલ ચાર્જર,બેટરી ચાર્જર ,નાની કાતર ,મુસ્લીમ પહેરે તેવી ગોળ ટોપી વિગેરે ચીજવસ્તુ કબજે કરેલ તેમજ અન્ય આરોપીઓ પાસેથી એક વ્હીલ ચેર અને ટેપ રેકોર્ડર પંચનામાની વિગતે કબજે કરેલ.સદરહુ સાહેદ આરોપીઓને કોર્ટમા ઓળખી બતાવુ છે.

સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓ એ હકીકત સ્વીકારે છે કે,ફરીયાદીને પાલેજ લઈ જવાના છે તેવી સમજ ફોનથી મે ફરીયાદીને કરેલી.બાળક પાલેજ મુકામે છે તેવી બાતમી પણ મને મળેલ.બાતમી

અગીયાર વાગે મળેલી અને મે ફરીયાદીને જાણ ૧૧–૦૦ કલાકે કરેલી.ફરીયાદીના નિવાસ્થાનેથી એસ.ઓ.જી.કચેરી દશ મીનીટના અંતરે આવેલ છે. એસ.ઓ.જી.કચેરીએથી પાલેજ જવા માટે ૧૪–૩૫ કલાકે નીકળેલા. વડોદરાથી પાલેજ પહોચતા પોણી કલાક જેટલો સમય થાય છે.અમે સરકારી વાહનમાં ગયેલા.અમે મુસાફરખાના પહોચ્યા ત્યારે ત્યા મુસાફરો તથા ભીક્ષુકની સંખ્યા આશરે પાંચ થી છ વ્યકિતઓની હશે જેમા આરોપીનો સમાવેશ થતો નથી.તેઓ એ હકીકત સ્વીકારે છે કે, અમે મુસાફરખાને પહોચ્યા ત્યારે ઉપરોકત વિગતના ઈસમો ત્યા બેઠા હતા,મુસાફરખાનામા કોઈપણ વ્યકિતને ભીખ માંગતી જોયેલ નથી કે પકડેલ નથી.તેઓ વધુમા એ હકીકત સ્વીકારે છે કે, મુસાફરખાનામાંથી ભોગ બનનાર મળેલ,ભોગ બનનાર બાળક ભીખ માંગતો હોય કે તેની પાસેથી ભીખ મંગાવતા હોય તેવી સ્થિતિ મે કે મારી સાથેના કોઈ અધીકારીએ જોયેલ નહી.તેઓ એ હકીકત સ્વીકારે છે કે સ્થળ ઉપર ભોગ બનનાર બાળક તેમના પિતાને જોઈને વળગી પડેલ હોય તેવુ બનેલુ નહી.તેઓ એ હકીકત સ્વીકારે છે કે,ભોગ બનનાર,આરોપીઓ તથા અન્ય મુસાફરો મુસાફરખાનામાં પોતપોતાની રીતે બેઠેલા હતા.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ભોગ બનનાર બાળક અને તમામ સાથેજ બેઠેલા હતા.સાહેદ વધુમાં સ્વીકારે છે કે, ભોગ બનનાર બાળકને કોઈએ ખોળામા બેસાડેલ હોય કે પકડી રાખેલ તેવી સ્થિતિમાં મે જોયેલ નહી.આરોપી બચુભાઈ સિવાયના તમામ આરોપીઓ પાલેજના હોવાનુ જાહેર થયેલ.

આમ સદર સાહેદનો પુરાવો ઘ્યાને લેવામાં આવે તો તેઓ એસ.ઓ.જી.કચેરીમાં એ.એસ.આઈ.તરીકે હતા ત્યારે એક અપહરણ થયેલ બાળક અંગે બાતમીદાર મારફતે બાતમી મળેલ જેથી તેઓ તથા અન્ય સ્ટાફના માણસો તથા ફરીયાદીને સાથે રાખી ઈ.પી.આઈ.શ્રી.બારૈયા સાહેબ ,વડોદરા રેલ્વે સ્ટેશનથી પાલેજ રેલ્વે સ્ટેશને ગયેલા જયા આરોપીઓ,ભોગ બનનાર બાળક સાથે મળી આવેલ અને ત્યા પંચોને બોલાવી પંચનામુ કરી આરોપીઓના નામઠામ પુછી તેઓની પાસેથી પંચનામાની વિગતે ચીજવસ્તુઓ કબજે લેવામાં આવેલ.

(૧૮) ત્યારબાદ ફરી.પક્ષે સાહેદ નં.૧૦ તરીકે આંક–૩૦ થી સાહેદ કમલેશભાઈ લાલજીભાઈ પારેખને તપાસવામાં આવેલ છે જેઓ તેમની જુબાનીમા જણાવે છે કે તેઓ સોજીત્રા મુકામે મ્યુનીસીપાલીટી જુના શોપીંગ સેન્ટરમા દુકાન નં.૫ માં જોય કેશકલાથી વાળ કાપવાની દુકાન ધરાવે છે.આજથી ત્રણેક વર્ષ અગાઉ તેઓ દુકાન

ઉપર હજર હતા ત્યારે એક સ્ત્રી નાના છોકરાને લઈને લોટી કરાવવા આવેલ જેના વાળ કાપીને લોટી કરેલ. ત્યારબાદ પોલીસ તેઓની દુકાને આવેલ અને એક ફોટો બતાવી પુછેલ કે આ વ્યકિતની લોટી કરવા આવેલ તો તેઓએ જણાવેલ કે તેમનો ચહેરો યાદ નથી અને જે સ્ત્રી બાળકને લઈને આવેલ તેને પણ ઓળખી શકે નહી.

સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા એ હકીકત સ્વીકારે છે કે, તેઓની દુકાનમા ઘણા બધા માણસો પોતાના બાળકના વાળ કપાવવા આવતા હોય છે અને દરેકના ચહેરા તેઓને યાદ રહેતા નથી.

આમ,સદર કામે સદર સાહેદનો પુરાવો જોતા તેઓએ વાળંદ તરીકે એક બાળકની લોટી કરેલી પરંતુ તે બાળક કોણ હતુ તેની તેઓને ખબર નથી કે તેનો ચહેરો યાદ નથી.

(૧૯) ત્યારબાદ ફરી.પક્ષે સાહેદ નં.૧૧ તરીકે સાહેદ વિનુભાઈ શીરીલભાઈ પરમારને આંક-૩ર થી તપાસેલા છે.તેઓ સને ૨૦૧૭ ના અરસામાં ક્રિષ્ના મોટેલ ગેસ્ટ હાઉસમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા અને નોકરીનો સમય ક.ર૦-૦૦ થી સવારના ૮-૦૦ સુધીનો હતો .પોલીસ ગેસ્ટ હાઉસ ઉપર આવેલ અને તે વખતે ગેસ્ટ હાઉસનુ રજીસ્ટર તથા મુલાકાતીઓનુ આઈ.ડી.પ્રુફ અમે પોલીસને આપેલુ જે આઈ.ટી.પ્રુફ કોનુ હતુ તે હાલ યાદ નથી.જે તે સમયે અમારી હોટલમાં રોકાયેલા હોય અને પોલીસ જે તે સમયે અમારા ગેસ્ટ હાઉસમા હાજર કોઈ વ્યકિતને લઈને આવેલ હોય તેવી કોઈ વ્યકિત આજરોજ હાજર હોય તો પણ ઓળખી શકે નહી.સદર સાહેદ ગેસ્ટ હાઉસના ઉતારાની નકલ આંક-૩૩ થી રજુ કરે છે.તેમજ આંક-૩૫ થી ચાર વ્યકિતઓના આઈ.ડી.પ્રુફ રજુ કરે છે જે જોઈને તેઓ કહે છે કે, રજીસ્ટરમાં એન્ટ્રી નં.૧૮૮ વાળી એન્ટ્રીમાં જણાવેલ નામવાળી વ્યકિતના આઈ.ડી.પ્રુફ જે તે સમયે લીધેલા.

સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓ એ હકીકત સ્વીકારે છે કે મે જે રજીસ્ટરનો ઉતારો રજુ કરેલ છે તેમા કોઈ બાળકની નોંધણી હોય તેવો ઉલ્લેખ નથી.તેઓ એ હકીકત સ્વીકારે છે કે, રજીસ્ટરમા અમે તમામ સ ત્રી પુરુષો તથા બાળકોની નોંધણી કરીએ છીએ .તેઓ વધુમા એ હકીકત સ્વીકારે છે કે, તેઓના નિવેદનમાં એવી હકીકત લખાવેલ કે તારીખ.૨૫/૦૧/૨૦૧૭ ના રોજ કોઈ બાળ કનુ અપહરણ કરીને લાવેલ હોય તેવી શંકા મને ગયેલ નહી.તેઓ વધુમા એ હકીકત સ્વીકારે છે કે, રજીસ્ટરની એન્ટ્રી નંબર.૧૮૮ મા બે પુરુષો તથા બે સ્ત્રીઓની

નોંધ કરવામા આવેલ.

આમ સદર સાહેદનો પુરાવો જોતા તેઓ ક્રિષ્ના મોટેલ ગેસ્ટ હાઉસમાં મેનેજર તરીકે હતા ત્યારે બે સ્ત્રી તથા બે પુરુષો ત્યા આવેલા અને તેઓના આઈ.ડી.પ્રુફ લઈ રજીસ્ટરમાં નોંધણી કરેલી અને ત્યારબાદ તે ચાર વ્યકિતઓ ત્યા રોકાયેલા જે રજીસ્ટરમાં નોંધણી તથા આઈ.ડી.પ્રુફ આંક–૩૩ તથા આંક–૩૫ થી રજુ છે.

(૨૦) ત્યારબાદ ફરી.પક્ષે સાહેદ નં.૧૩ તરીકે સાહેદ સકીનાબેન સલીમભાઈ ફકીરને આંક–૩૮ થી સોગંદ ઉપર તપાસેલા છે જેઓ તેમના પુરાવામા જણાવે છે કે તેણી ભિક્ષાવૃતિ કરે છે.જાવેદ મારો દિકરો થાય છે. જેના લગ્ન સમા સાથે કરેલા જે લગ્નજીવનથી કોઈ બાળક થયેલ નહી.પરંતુ અગાઉની પત્નીના સબંધથી દિકરી તથા બે દિકરા થયેલા સમા અને જાવેદને વડોદરા એલ.સી.બી.એ પકડેલા જેથી હુ ત્યા ગયેલી .ત્યા મારો પૌત્ર આઝાદ હતો આ સિવાય બીજુ કાઈ બનેલુ નહી.

સદર સાહેદનો પુરાવો જોતા તેઓ આરોપી જાવેદની માતા છે અને સમાની સાસુ થાય છે જેઓને વડોદરા એલ.સી.બી.દ્વારા પકડવામાં આવેલા અને ત્યાં જઈને જોયુ તો તેની સાથે પૌત્ર આઝાદ હતો તે સિવાય બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

(૨૧) ત્યારબાદ ફરી.પક્ષે સાહેદ નં.૧૪ તરીકે આંક–૪૦ થી સાહેદ સોહીલભાઈ વલીમોહમંદ વહોરાને તપાસવામાં આવેલા છે જેઓ આર.પી.એફ. થાણામાં લાગેલ સી.સી.ટી.વી.કેમેરાનુ કામકાજ કરે છે અને તેની ઓપરેટીંગ બાબતે દેખરેખ રાખે છે. સદર સાહેદ જણાવે છે તે મુજબ તા.૨૮/૧/૧૭ ના રોજ આર.પી.એફ.કક્ષનુ જયા સી.સી.ટી.વી.કેમેરાનુ ઓપરેટીંગ થાય છે ત્યા હાજર હતા તે વખતે સી.પી.આઈ.ની સુચના મુજબ ફરીયાદીના દિકરા પરમવીરસીંહનુ કોઈએ અપહરણ કરેલ છે તે બાબતે જાણ કરેલ અને તે અપહરણ તા.૨૫/૧/૧૭ ના રોજ ક.૧૮–૩૦ થી ૨૧–૪૫ વાગ્યાના સમયગાળા દરમીયાન જણાયેલું જેથી સદર સાહેદે સી.સી.ટી.વી.કેમેરાનુ મોનેટરીંગ ચાલુ કરેલુ અને કેમેરો જોતા ફરીયાદીના બાળક સાથે એક વ્યકિત ઉભેલાનુ જણાયેલઅને થોડીવાર પછી તે બાળક એકલુ હતુ .ત્યારબાદ બે મહીલા તેની સાથે વાતચીત કરતી જણાયેલી .આ સિવાય બીજુ કઈ કેમેરામાં જણાયેલ નહી.આ તમામ કુટેજ સેન્ડ ડીસ્ક કંપનીના લાલ તથા કાળા કલરની પેન

ડ્રાઈવમા આપેલ જે રજુ કરેલ જે પોલીસે તપાસઅર્થે કબજે કરેલ.

સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા તેઓ એ હકીકત સ્વીકારે છે કે ત.ક.અમલદારશ્રીએ તેઓની પાસે અસલ ડી.વી.આર.ની માંગણી કરેલ નહી. તેમજ જે પેન ડ્રાઈવમા સી.સી.ટી.વી.કુટેજ મેળવેલ તેમા કોઈ ચેડા થયેલા નથી તે બાબતે પણ કોઈ પ્રમાણપત્ર મેળવેલ નહી.તેમજ હેઝવેલ્યુનુ સર્ટીફીકેટ પણ માંગેલ નહી.સદર સાહેદ વધુમાં એ હકીકત સ્વીકારે છે કે, તેઓની પાસે જયારે કુટેજની નકલ મેળવવામાં આવી ત્યારે અર્જુનસિંહ પોલીસ સાથે ન હતા.

આમ સદર સાહેદનો પુરાવો જોતા તેઓ સી.સી.ટી.વી.કેમેરાનુ કામકાજ કરતા હતા અને તા.૨૮/૧/૧૭ ના રોજ તેઓ એ સી.સી.ટી.કેમેરાનુ ઓપરેટીંગ કરેલ જેમા કેમેરાનુ મોનેટરીંગ ચાલુ કરતા ફરીયાદીના બાળક સાથે એક વ્યકિત ઉભેલાનુ જણાયેલ અને થોડીવાર પછી બીજી બે સ્ત્રીઓ બાળક સાથે વાતચીત કરતી જણાયેલી જે કુટેજ પેન ડ્રાઈવમા લઈ પોલીસને સોપેલ.સદર સાહેદ કુટેજમા ફરીયાદીના બાળક સાથે જે વ્યકિતઓ વાતચીત કરતી હતી તેને ઓળખી શકેલ નહી.

**(૨૨)** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૫ તરીકે આંક-૪૧ થી જસપાલસિંહ નટવરસીંહ મહીડાને તપાસવામાં આવેલ છે.જેઓ આર.પી.એફ.આણંદ પો.સ્ટે.મા ફરજ બજાવે છે અને હાલના ગુનાના કામે ત.ક.અ.તથા ફરીયાદી અર્જુનસિંહ જાતે તેમના દિકરાનુ અપહરણ થયેલ તે અંગે તા.૨૫/૧/૧૭ ના રોજ ૧૯-૦૦ થી ૨૧-૪૦ વાગ્યા સુધીના સી.સી.ટી.વી.કેમેરાનુ કુટેજ મેળવવા માટે યાદી આપેલ તેના આધારે તેઓએ આણંદ રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૧ તથા ૪ તથા ૨,૩ ના સી.સી.ટી.વી.કુટેજ મેળવવા વિનંતી કરતા તેઓએ સી.સી.ટી.વી.કુટેજ પોતાની પેન ડ્રાઈવમા આપેલ.

સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ એ હકીકત સ્વીકારે છે કે,તેઓએ ડી.વી.અમાર. મેળવૃેલ નથી તથા પેઈન ડ્રાઈવમાં જે સી.સી.ટી.વી.કુટેજ મેળવેલ તેમા કોઈ ચેડા થયેલા નથી તે બાબતે કોઈ પ્રમાણપત્ર મેળવેલ નથી તથા હેઝ વેલ્યુનુ સર્ટી.પણ માંગેલ નહી.

આમ સદર સાહેદના મૌખિક પુરાવા મુજબ તેઓ આણંદ આર.પી.એફ.પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા.ત.ક.અ.તથા ફરીયાદી આ ગુનાના કામે પ્લ ેટફોર્મ નં.૧,૪ તથા ૨,૩ના બનાવના અરસાના સી.સી.ટી.વી.કુટેજ મેળવવા માટે આવેલા

અને તે ફુટેજને પેઈન ડ્રાઈવમા તૈયાર કરી સદર સાહેદે આપેલ.

(૨૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નંબર.૧૬ તરીકે આંક–૪૨ થી સાહેદ જીવરાજભાઈ જેમોરભાઈ રબારીને તપાસવામાં આવેલા છે જેઓ તા.૨૭/૧/૧૭ ના રોજ સી.પી.આઈ.વડોદરા પશ્ચિમ રેલ્વે ખાતે ફરજ બજાવતા હતા તે વખતે ફરીયાદીએ પી.એસ.આઈ. પાંડવ રુબરુ ફરીયાદ હકીકત જાહેર કરેલ અને ત્યારબાદ તે અંગે ગુનો દાખલ થયેલ તે ગુનાની પ્રાથમીક તપાસ પાંડવનાએ કરેલી અને આગળની તપાસ સદર સાહેદે સંભાળેલ.જે તપાસમાં ફરીયાદીનુ વિશેષ નિવેદન લીધેલ તેમજ ગુમ થયેલ બાળકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો મેળવેલ અને પ્રસિધ્ધી કરાવેલી તેમજ બાળકને શોધવા માટે આણંદ જીલ્લાના તમામ પોલીસ સ્ટે.નને જરુરી મેસેજ કરેલા તેમજ સી.સી.ટી.વી.કેમેરાની ફુટેજ મેળવી પેઈન ડ્રાઈવ કબજે કરેલ.તેમજ આર.પી.એફ.ના અધીકારીનુ નિવેદન લીધેલ.ત્યારબાદ આણંદ ટાઉનના રેલ્વે સ્ટે.ના વિસ્તારમાં તપાસ કરેલી અને સાહેદોના નિવેદનો લીધેલા તથા અન્ય રેલ્વે સ્ટેશનમા બાળકનો શોધવા માટે તપાસ કરેલી.

સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તપાસ દરમીયાન તેઓએ ડી.વી.આર. મેળવેલ નથી.તેમજ પેઈન ડ્રાઈવમા જે સી.સી.ટી.વી.ફુટેજ મેળવેલ તેમા કોઈ ચેડા થયા નથી તે બાબતે કોઈ પ્રમાણપત્ર મેળવેલ નથીતથા હેઝવેલ્યુનુ સર્ટી.પણ માંગેલુ નહી.

આમ,સદર સાહેદ મજકુર ગુનાના ત.ક.અ. છે અને તેઓએ મજકુર ગુનાની અંશત: તપાસ કરેલ છે તે દરમીયાન ફરીયાદી તેમજ અન્ય સાહેદોના નિવેદનો લીધેલા છે તથા આરોપીઓ તથા ગુમ થનાર બાળકને શોધવા પ્રયત્ન કરેલ છે જે માટે જરુરી પ્રસિધ્ધી પણ કરાવેલ છે તેમજ સી.સી.ટી.વી.ફુટેજની પેઈન ડ્રાઈવ કબજે કરેલ છે.

(૨૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નંબર. ૧૭ તરીકે આંક–૫૨ થી સાહેદ બિજેન્દ્રકુમાર જીથરાભાઈ બારીયાને સોગંદ ઉપર તપાસવામા આવેલા છે તેઓ જણાવે છે કે તારીખ.૧૦/૦૩/૨૦૧૭ ના રોજ એલ.સી.બી.ના એ.એસ.આઈ. પ્રદીપસિંહ કુલસીંહને બાતમી મળેલ કે નાનુ બાળક ગુમ થયેલ છે તેની સાથે જે માણસો સી.સી.ટી.વી.ફુટેજમા દેખાય છે તે વર્ણનવાળા માણસો તથા સ્ત્રીઓ પાલેજ રેલ્વે સ્ટેશનના મુસાફરખાના પાસે જોવા મળેલ છે તેથી તેઓ તેમજ

એલ.સી.બી.ના માણસો તથા બાળકના પિતાને સાથે રાખીને પાલેજ રેલ્વે સ્ટેશન ગયેલા જયા ઉપરોકત માણસો મળી આવેલા અને તેમની પાસે રહેલ બાળક વિશે તેના પિતાને પુછતા તેના પિતાએ પોતાનુ બાળક હોવાનુ જણાવેલ જેથી આરોપીઓને અટક કરેલા અને બાળકના શરીર સ્થિતિનુ પંચનામુ કરી બાળક તેના પિતાને સોપેલ તથા વાળંદ કમલેશભાઈ પારેખનુ નિવેદન લીધેલ.તેમજ ક્રિષ્ના ગેસ્ટ હાઉસના મેનેજર વિનુભાઈ પરમારનુ નિવેદન લીધેલુ.આરોપીઓને અટક કરી તેમની પાસેથી મોબાઈલ ,ચલણી નોટો વિગેરે કબજે કરેલ.

સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓ એ હકીકત સ્વીકારે છે કે,ગુજરાતના મોટાભાગના રેલ્વે સ્ટેશનો સી.સી.ટી.વી.ફુટેજથી સજ્જ છે,પાલેજ રેલ્વે સ્ટેશનના મુસાફરખાનાની સી.સી.ટી.વી.ફુટેજ મે તપાસ દરમીયાન કબજે લીધેલ નથી. આરોપીઓ તથા બાળક ખરેખર પાલેજ રેલ્વે સ્ટેશનના મુસાફરખાનામાં હતા કે કેમ તે નકકી કરવા માટે ત્યાની સી.સી.ટી.વી.ફુટેજ મેળવવી આવશ્યક છે.તેઓ એ હકીકત સ્વીકારે છે કે મારી તપાસ દરમીયાન કોઈપણ આરોપી પાસેથી ભિક્ષાવૃતિનો સામાન મળી આવેલ નથી.તેઓ એ હકીકત સ્વીકારે છે કે મારી તપાસ દરમીયાન બાળકનુ અપહરણ ભિક્ષાવૃત્તિ માટે કરવામા આવેલ તેવુ ખુલેલ. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, પાલેજ રેલ્વે સ્ટેશને અમો પહોચ્યા ત્યારે બાળક પાસે કોઈ વ્યકિત ભીખ મંગાવતી હોય તેવુ જણાય આવેલ નહી,અમો ત્યા પહોચ્યા ત્યારે ત્યા બાળક,આરોપીઓ તેમજ મુસાફરો મુસાફરખાનામાં હતા.સદર સાહેદ એ હકીકત સ્વીકારે છે કે મારી તપાસ દરમીયાન મુસાફરખાનામાંથી કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.ભોગબનનાર બાળકને કોઈપણ આરોપી ઉચકીને લઈ જતો હોય કે તેને ખોળામા બેસાડી રાખેલ હોય તેવી સ્થિતિમા મળી આવેલ નહી.તેઓ એ હકીકત સ્વીકારે છે કે, પ્રદીપસિંહને બાતમી મળેલ હોવાની હકીકત પોતાના નિવેદનમાં જાહેર કરેલ નથી.તેઓ એ હકીકત સ્વીકારે છે કે, ગેસ્ટ હાઉસનો ઉતારો કબજે કરેલ છે તેમાં આ બાળક પણ આ ગેસ્ટ હાઉસમા રોકાયેલ હોય તેવી નોંધ કરવામાં આવેલ નથી.તેઓ એ હકીકત સ્વીકારે છે કે, મારી તપાસમા સરકારી વાહનની કોઈ લોગબુકનો ઉતારો મેળવી તપાસના કામે સામેલ રાખેલ નથી.સરકારી વાહનનો ઉપયોગ કરવામાં આવે તો પોલીસ સ્ટેશનથી નીકળ્યાનો સમય અને જે તે જગ્યાએ પહોચ્યા સમય, તે જગ્યા તથા કરેલ કામની વિગતો જે તે રજીસ્ટરમાં રાખવામાં આવે છે. તપાસના કામે મે પાલેજ રેલ્વે સ્ટેશનના કોઈ કર્મચારીનુ નિવેદન

નોંધેલ નથી.

આમ,સદર સાહેદનો મૌખિક પુરાવો જોતા તેઓ પણ આ બનાવ અંગેના તપાસ કરનાર અધીકારી છે અને તેઓએ સાહેદ પ્રદીપસિંહને મળેલ બાતમીના આધારે એલ.સી.બી.પોલીસની સાથે તથા ફરીયાદી સાથે પાલેજ મુસાફરખાનામા ગયેલ હોવાનુ અને જયા ગુમ થનાર બાળક આરોપીઓ સાથે હોવાનુ જણાય આવેલ અને સ્થળ ઉપરથી બાળક તથા આરોપીઓને પકડી બાળકને તેના પિતાને સોપેલ જયારે આરોપીઓને અટક કરેલ.

**(૨૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નંબર. ૧૮ તરીકે આંક–૫૫ થી ત.ક.અ.સુમીતકુમાર જીતેન્દ્રભાઈ રાજપુતને સોગંદ ઉપર તપાસવામા આવેલા છે તેઓ જણાવે છે કે તા.૧૩/૨/૧૭ ના રોજ આ ગુનાની આગળની તપાસ તેઓએ સંભાળેલ છે.ફરીયાદી કે જે બાળકના પિતા હોય તેને સાથે રાખી આણંદ રેલ્વે સ્ટેશન ખાતે બનાવ વખતના સી.સી.ટી.વી.ફુટેજ ઝીણવટભરી રીતે ચેક કરવામાં આવેલા જેમા ભોગ બનનાર બાળકને કોઈ અજાણ્યા ઈસમ જેનો ચહેરો વ્યવસ્થિત રીતે જોઈ શકાય તેમ હોય તેવુ નકકીથતા તેઓના ફુટેજના આધારે ફોટોગ્રાફ લેવડાવી સુરતજીલ્લા તથા વડોદરા જીલ્લા પોલીસની અલગ અલગ ટીમ બનાવી અમદાવાદથી મુંબઈ સુધીના તમામ રેલ્વે પ્લેટફોર્મ ઉપર તે ફોટોગ્રાફના આધારે દેખાતા આરોપીઓની તપાસ કરાવડાવેલી અને ત્યારબાદ લગભગ એક માસ પછી આરોપીઓની ઓળખ થતા તા.૧૦/૩/૧૭ ના રોજ ફુટેજમાં દેખાનાર આરોપીઓ ભોગ બનનાર બાળક પરમવીરનીસાથે પાલેજ ખાતેથી ઝડપાઈ જતા તેઓની સઘન પુછપરછ બાદ તેઓએ બાળકનુ અપહરણકર્યાની કબુલાત કરતા તેઓના નિવેદન લઈ આરોપીઓને અટક કરવામા આવેલ.ત્યારબાદ આગળની તપાસ શ્રી.બી.જે.બારૈયાને સોપેલ અને તેઓ પાસેથી શ્રી.આર.એસ.પાંડવ ને સોપેલી અને ત્યારબાદ સદર સાહેદ હાજર થતા ગુનાની તપાસનુ કામ મેળવીને કાગળોનો પુરતો અભ્યાસ કરી ચાર્જશીટ કરેલ.સદર સાહેદ આરોપીઓને ઓળખી બતાવે છે.

સદર સાહેદની બચાવપક્ષ ઘ્વારા ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓ એ હકીકત સ્વીકારે છે કે પાલેજ રેલ્વે સ્ટેશનનુ સી.સી.ટી.વી.ફુટેજ તપાસના કામે કબજે કરેલ નથી. આણંદ રેલ્વે સ્ટેશનના સી.સી.ટી.વી.ફુટેજ રજુ કરેલ છે તે અંગે ૬૫–બી અંગેનુ સર્ટી. કે હેઝવેલ્યુ કરાવી તે અંગેનુ સર્ટી.જે તે સમયે ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. આણંદ રેલ્વે સ્ટેશનનુ ડી.વી.આર. તપાસના કામે કબજે કરેલ નહી,મારી

તપાસ દરમીયાન આરોપીઓ પૈકીના કોઈપણ આરોપીભોગ બનનારને ભીખ મંગાવતા હોય તેવુ બનેલુ નહી.તેમજ ભોગ બનનાર બાળક પાસેથી કોઈ ભીખ માંગવાની વસ્તુ મળી આવેલ હોય તેવુ બનેલ નથી.

આમ સદર સાહેદનો પુરાવો જોતા તેઓએ મજકુર ગુના અંગેની તપાસ કરેલ છે અને આરોપીઓ વિરુધ્ધ પુરાવો પડતા તેઓએ ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨૬)** ફરી.પક્ષનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબના સાહેદોને તપાસવામાં આવેલા છે. વિધ્વાન પુરોગામી જજશ્રી ધ્વારા આંક–૩ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તે તહોમતનામામા કરવામાં આવેલા આક્ષેપો મુજબનુ કૃત્ય આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ છે કે કેમ તેનો નિર્ણય કરવા માટે ઉપર મુજબના ફરી.પક્ષે તપાસવામાં સાહેદોના પુરાવાનુ વિશ્લેષણ કરી મુલ્યાકંન કરવુ આવશ્યક છે જે નીચે મુજબ કરેલ છે.

**(૨૭)** ફરી.પક્ષે આંક–૧૧ થી સાહેદ નં.૧ ફરીયાદી અર્જુનસીંગ ટેકસીંગ કસબીયાને તપાસવામાં આવેલા છે. જેનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો એવી હકીકત નીકળી આવે છે કે તેઓના પત્ની ગુમ થયેલ હોય તેણીને શોધવા તેઓ તથા તેમના પુત્ર સગીર પરમવીર ઉંમર વર્ષ ૨ાા નાઓ આણંદ રેલ્વે સ્ટેશને તારીખ.૨૫/૧/૧૭ ના રોજ સાંજના સમયે આવેલા અને તેઓએ તેમની પત્નીની શોધખોળ કરતા મળી આવેલ નહી જેથી રેલ્વે રસ્ટેશનના મુસાફરખાનામા ટીકીટ બારીની આગળ જમી પરવારીને સુઈ ગયેલા અને રાત્રે સાડા નવથી દશ ની આસપાસ તેઓ જાગેલા અને જોયેલ તો સગીર પરમવીર ત્યા જોવા મળેલ નહી તેની આજુબાજુમા તપાસ કરતા પણ તે મળી આવેલ નહી જેથી સદર ફરીયાદીના સગીર બાળક ગુમ થયેલ હોય તા.૨૭/૧/૨૦૧૭ ના રોજ આણંદ રેલ્વે સ્ટેશનમાં આંક–૧૨ વાળી ફરીયાદ લખાવેલ.ફરીયાદીનો સદર પુરાવો તથા આંક–૧૨ ની ફરીયાદ મુજબ તેઓના સગીર પુત્ર પરમવીર ઉંમર વર્ષ ૨ાા તા.૨૫/૧/૧૭ ના રોજ રાત્રીના સમયે ગુમ થયેલ હોવાનુ ફલીત થાય છે.ત્યારબાદ ફરી.પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા સી.સી.ટીવી.કુટેજની ચકાસણી કરવામા આવેલ અને તેમા ફરીયાદીના સગીર વયના પુત્રનુ અપહરણ કરવામાં આવેલ હોવાનુ જણાય આવેલ જે અંગે આ ફરીયાદી તેઓના મૌખિક પુરાવામા આંક–૧૧ મા સ્પષ્ટપણે જણાવેછે કે, તેઓને આણંદ રેલ્વે સ્ટેશનમા સી.સી.ટી.વી.કુટેજ બતાવવામા આવેલ અને તેમા તેમના

દિકરાને આરોપીઓ ઉઠાવીને લઈ જતા હતા. સદર સી.સી.ટી.વી.કેમેરાના ઓપરેટીંગ બાબતે દેખરેખ રાખતા સાહેદ સોહીલભાઈ વલીમોહમંદ વહોરાને સાહેદ નંબર.૧૪ તરીકે આંક-૪૦ થી તપાસેલા છે અને તેઓએ તા.૨૮/૧/૧૭ ના રોજ સર્કલ પો.ઈન્સ.શ્રી.ની સુચના મુજબ ફરીયાદીના દિકરા પરમવીરનુ કોઈકે અપહરણ કરેલ તે બાબતે સી.સી.ટી.વી.કેમેરાનુ મોનીટરીંગ ચાલુ કરી કેમેરો જોતા ફરીયાદીના બાળક સાથે એક વ્યકિત ઉભેલાનુ જણાવેલ અને થોડીવાર પછી તે બાળક એકલો હોવાનુ અને ત્યારબાદ બે મહીલાઓ તેની સાથે વાતચીત કરતી જણાયેલ અને આ તમામ કુટેજ સેન્ડીકસ કંપનીના લાલ તથા કાળા કલરની પેન ડ્રાઈવમાં આપેલ જે પેઈન ડ્રાઈવ પોલીસે તપાસઅર્થે કબજે કરેલ હોવાનુ જણાવેલ. આમ સદરના પુરાવા મુજબ જે સી.સી.ટી.વી. કેમેરામા ફરીયાદીના બાળકનુ અપહરણ કરનાર વ્યકિતની હિલચાલ જણાય આવેલ તે સી.સી.ટી.વી.કેમેરામાંથી જરુરી કુટેજ આ સાહેદે પેઈન ડ્રાઈવમા લઈ તપાસ અર્થે કબજે કરેલ હોવાનુ જણાય આવે છે. તેજ રીતે સાહેદ જશપાલસિંહ નટવરસિંહ મહીડાએ પણ આણંદ રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૧,૨,૩,૪ ના સી.સી.ટી.વી.કુટેજ પેઈન ડ્રાઈવમા ત.ક.અમલદારને આપેલ હોવાનુ ફલીત થાય છે. આમ ફરીયાદપક્ષે ફરીયાદીનો પુરાવો ધ્યાને લેવામા આવે તથા મજકુર સાહેદ સોહીલભાઈ વલીમોહમંદ વ્હોરાનો તથા જશપાલસિંહ નટવરસીંહ મહીડાનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો સી.સી.ટી.વી.કુટેજના આધારે ફરીયાદીના પુત્ર પરમવીરનુ કોઈ ઈસમો ધ્વારા અપહરણ કરવામા આવેલ છે તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને તે સી.સી.ટી.વી.કુટેજ પેઈન ડ્રાઈવમા લઈ તે પેન ડ્રાઈવ ત.ક.અ.ને આપેલ હોવાનુ ફલીત થાય છે.મજકુર હકીકતે ત.ક.અ.સુમીતકુમાર જીતેન્દ્રભાઈ રાજપુતને સાહેદ નં.૧૮ તરીકે આંક-૫૫ થી તપાસવામાં આવેલા છે તેઓનો પુરાવો વંચાણે લઈ ધ્યાને લેવામાં આવે તો તેઓએ ફરીયાદીને સાથે રાખી આણંદ રેલ્વે સ્ટેશન ખાતે બનાવ વખતના સી.સી.ટી.વી.કુટેજને ઝીણવટભરી રીતે ચેક કરેલ છે જેમા ફરીયાદીના સગીર બાળકને કોઈ અજાણ્યા ઈસમો લઈ જતા જણાય આવેલ હોવાનુ ફલીત થાય છે. આમ સદર કામે ઉપર મુજબના તમામ પુરાવાનુ વિશ્લેષણ કરતા સ્પષ્ટપણે જણાય આવે છે કે, ફરીયાદીના સગીર પુત્રને આણંદ રેલ્વે સ્ટેશનેથી તા.૨૫/૧/૧૭ ના રોજ કેટલાક ઈસમો ઉઠાવીને લઈ ગયેલ છે.હવે આ ઈસમ હાલના આરોપીઓ જ છે કે કેમ તેનો નિર્ણય કરવાનો રહે છે. આ અંગે અત્રેની કોર્ટ સમક્ષ આંક-૫૭ થી સી.સી.ટી.વી.કુટેજની સી.ડી. તથા પેઈન ડ્રાઈવ રજુ કરવામા આવેલ

છે જેની સાથે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)મુજબનુ પ્રમાણપત્ર શ્રી.મનીષ જૈન ,સાયબર એક્ષપર્ટ દ્વારા આપવામાં આવેલ તે રજુ કરવામા આવેલ છે. બચાવપક્ષ દ્વારા સદર આંક–૫૭ થી રજુ થયેલ તમામ ઈલેકટ્રીક પુરાવાને કબુલ રાખી આંક પાડવામાં આવે તો વાંધો નથી તેવો શેરો કરેલ છે અને તેના આધારે મજકુર પુરાવાને આ કામે પુરાવામા દાખલ કરી વંચાણે લેવામાં આવેલ છે. હવે આ આંક–૫૭ થી રજુ થયેલ ઈલેકટ્રીક સ્વરુપનો પુરાવો ધ્યાને લેતા પહેલા તેની સાથે રજુ થયેલ કલમ–૬૫(બી)(૪) હેઠળ આપવામાં આવેલ પ્રમાણપત્ર જોવાનુ રહે છે અને તે મુજબ મજકુર ઈલેકટ્રીક પુરાવા સાથે કોઈ ચેડા થયેલ હોય તેવી હકીકત નીકળી આવેલ નથી. જેથી તેની યર્થાથતા બાબતે કોઈ શંકા ઉપસ્થિત થઈ શકે નહી. મજકુર સી.ડી.મા લેવામાં આવેલ સી.સી.ટી.વી.ફુટેજ આરોપીઓને ખુલ્લી કોર્ટમા બતાવવામાં આવેલ છે અને તે અં ગે તેઓની વિશેષ નિવેદન નોંધી ખુલાસો પણ માંગવામાં આવેલ છે. જેમા તેઓએ સી.સી.ટી.વી.ફુટેજમા ફરીયાદીના પુત્રનુ અપહરણ કરી લઈ જતા ઈસમો હાલના આરોપીઓ હતા તે હકીકતનો ઈન્કાર કરેલ છે. પરંતુ તેઓના ઈન્કાર કરવા માત્રથી તેવી હકીકત માની શકાય નહી કે કોર્ટને સંપુર્ણ સત્તા અને અધિકાર છે કે જે સી.સી.ટી.વી.ના ફુટેજ રજુ થયેલા છે તેનુ નિરિક્ષણકરી ચકાસણી કરી અને તેના આધારે નકકી કરે કે જે સગીરનુ અપહરણથયેલ તેમા અપહરણ કરનાર તરીકે હાલના આરોપીઓ અથવા તેઓ પૈકી કોઈપણ આરોપીની સંડોવણી જણાય આવે છે કે કેમ. જેથી મજકુર હકીકત અંગે આ કોર્ટે વ્યકિતગત રીતે પણ સી.સી.ટી.વી.ફુટેજની સી.ડી. ચલાવી તેનુ નિરિક્ષણ કરેલ છે અને તેના આધારે નીચે મુજબનો ઘટનાક્રમ જણાય આવેલ છે.જે ઘટના ક્રમ મુજબ તેમા જણાવેલ સમયે (૨ થી ૫ સેકન્ડનો તફાવત હોઈ શકે)ઘટના ક્રમમા જણાવ્યા મુજબ તમામ આરોપીઓની તથા સંઘર્ષમા આવેલ બાળકની તથા અન્ય એક બાળકીની શંકાસ્પદ હિલચાલ જણાય આવેલ જે ઘટનાક્રમ નીચે મુજબના કોસ્ટકમાં વર્ણવેલ છે.

**<u>આંક–૫૭ થી રજુ થયેલ તા. ૨૫–૦૧–૨૦૧૭ના રોજની આંણંદ રેલ્વે સ્ટેશન તથા નડીયાદ રેલ્વે સ્ટેશન ની સી.સી. ટીવી ફુટેજ અંગેની સીડી જોતા આરોપીઓની હાજરી અને સંડોવણી અંગે નીચે મુજબનો ઘટનાક્રમ જણાય આવે છે.</u>**

| અનુ. નં. | સ્થળ | સમય (કલાક) | વિગત |
|---|---|---|---|
| ૧. | આણંદ રેલ્વે સ્ટેશન, મુસાફર ખાનુ | ૧૮.૪૭.૪૫ | ફરીયાદી અર્જુનસિંહ ટેકસિંહ કસબીયા તેના પુત્ર સાથે દેખાય છે. |

| | | | |
|---|---|---|---|
| ૨. | ઉપર મુજબ | ૧૮.૪૮.૪૦ | ફરીયાદી બાળક સાથે જમીન પર બેસે છે. |
| ૩. | ઉપર મુજબ | ૧૮.૫૨.૫૯ થી ૧૯.૦4.૦૦ | આરોપી શમાબેન તથા શકીનાબેન ફરીયાદી તથા તેમનો બાળક બેસેલ ત્યા જઈ કાઇ વાત કરે છે અને ૧૦ મીનીટ જેટલો સમય રોકાઈ પરત ફરે છે. |
| ૪. | ઉપર મુજબ | ૧૯.૨૨.૨૮ | ઉપરોક્ત બન્ને આરોપી બેન સાથે એક ૮-૧૦ વર્ષની બાળકી આવે છે. અને આ બાળકી વારંવાર ગુમ થયેલ બાળક પાસે જાય છે. |
| ૫. | ઉપર મુજબ | ૧૯.૩૪.૦૨ | આ બાળકી ગુમ થનાર બાળકને પોતાની પાસે બોલાવવા ઈશારો કરે છે અને પછી પરત જતી રહે છે. |
| ૬. | ઉપર મુજબ | ૧૯.૫૨.૩૬ | બાળકી પરત ગુમ થનાર બાળક હતો ત્યા જઇને બેસે છે. |
| ૬ | આણંદ રેલ્વે સ્ટેશનનો મુખ્ય દ્વાર | ૨૦.૦૨.૦૦ | આરોપી શમાબેન, શકીનાબેન, ઉપર ઉલ્લેખ કરેલ ૮-૧૦ વર્ષની બાળકી, એક બાળક લીલા કલરની ટી-શર્ટ પહેરેલ તથા વ્હીલચેર ઉપર આરોપી બચુભાઇ બાબરભાઇ બેસેલ જોઇ શકાય છે. |
| ૭. | ટીકીટ બારી | ૨૦.૪૬.૦૦ | આરોપી શમા, બાળકી ટીકીટ બારી સામે આવેલ બાકડા પર બેસે છે અને થોડી વાર માં લીલી ટી-શર્ટ પહેરેલ બાળક પણ આવે છે, જે તમામ નો ધ્યાન ગુમ થનાર બાળક હતો તે બાજુ |
| ૮. | આણંદ રેલ્વે સ્ટેશન, મુસાફર ખાનુ | ૨૧.૧૫.૧૨ | લીલી ટી-શર્ટ પહેરેલ બાળક ગુમ થનાર બાળક તરફ જાય છે અને તે બાળક ને ઉચકતો દેખાય છે. |
| ૯. | પ્લેટફોર્મ તરફનાં દ્વાર પાસે | ૨૧.૧૫.૪૭ | લીલી ટી-શર્ટ પહેરેલ બાળક ગુમ થનાર બાળકને લઇને પ્લેટફોર્મ તરફ જાય છે. |
| ૧૦. | પ્લેટફોર્મ નં.૧-૨ | ૨૧.૧૬.૫૦ | આરોપી શમા તથા બાળકી સામેનાં પ્લેટફોર્મ ઉપર જતા જોઇ શકાય છે અને લીલી ટી-શર્ટ પહેરેલ બાળક ગુમ થનાર બાળકને લઇને ૧ પ્લેટફોર્મ ઉપરથી પાટા વટી સામેના પ્લેટફોર્મ તરફ જતા જોઇ શકાય છે. |
| ૧૧. | પ્લેટફોર્મ નં.૩ | ૨૧.૧૯.૫૦ | આરોપી શમા તથા લીલી ટી-શર્ટ પહેરેલ બાળક ગુમ થનાર બાળકને લઇને ઉભેલી ટ્રેનમાં ચડે છે. |
| ૧૨ | પ્લેટફોર્મ નં.૩ | ૨૧.૨૧.૧૬ | બીજા આરોપી બેહન સકીના પણ એ જ ટ્રેનમાં એ જ ડબામાં ચઢે છે. |
| ૧૩. | પ્લેટફોર્મ નં.૩ | ૨૧.૨૨.૩૦ | ટ્રેન ઉપડે છે. |
| ૧૪. | પ્લેટફોર્મ નં.૩ | ૨૧.૨૨.૪૫ થી ૨૧.૨૫.૩૪ સુધી | આરોપી બચુભાઇ બાબરભાઇ ઠાકોર તથા સલીમહુસેન ઇકબાલભાઇ શેખ પ્લેટફોરમ ઉપર બેસેલા જોઇ શકાય છે. |
| ૧૫. | પ્લેટફોર્મ નં.૩ | ૨૧.૨૬.૪૫ | બીજી ટ્રેન આવે છે જેમાં આ બન્ને આરોપી ચઢે છે. |
| ૧૬. | નડીયાદરેલ્વેસ્ટેશન ફુટ ઓવર બ્રીજ | ૨૧.૪૪.૧૮ | આરોપી સમા અને સકીના તથા લીલા કલરની ટી-શર્ટ પહેરેલ બાળક અને ૮-૧૦ વર્ષની બાળકી તથા અત્યાર સુધી નહી દેખાયેલ આરોપી જાવેદભાઇ સલીમભાઇ ફકીર ગુમ થનાર બાળક સાથે જોય શકાય |

| | | | |
|---|---|---|---|
| | | | છે |
| ૧૭. | નડીયાદ રેલ્વેસ્ટેશન ફુટ ઓવર બ્રીજ | ૨૨.૦૦.૦૦ | થોડીવાર પછી આરોપી સલીમ શેખ હાથમાં વ્હીલચર લઇને બ્રીજ ઉપર આવે છે અને પાછળ આરોપી બચુભાઇ ઢસડીને બ્રીજ નાં દાદર ચઢી, ઢસડાતા ચાલી આરોપી સલીમ પાસે આવે છે અને પછી સાથે જ આગળ જાય છે. |

(૨૮) આમ સદર કામે સી.સી.ટી.વી.ફુટેજ અંગેની સી.ડી ચાલુ કરી ધ્યાને લેવામાં આવે તો ઉપર મુજબની ઘટનાક્રમ મુજબની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને તે મુજબ સ્પષ્ટપણે જોઈ શકાય છે કે ફરીયાદી અર્જુનસીંગ ટેકસીંગ કસબીયાનાઓ તેના પુત્ર સાથે આણંદ રેલ્વે સ્ટેશને લગભગ પોણા સાતની આસપાસ આવી મુસાફરખાનામાં બેસે છે અને તે દરમીયાન લગભગ ૧૮–પર થી ૧૯–૦૪ કલાક સુધી આરોપી શમાબેન જાવેદભાઈ તથા શકીનાબેન, ફરીયાદી તથા સગીર જે જગ્યાએ બેસેલ ત્યા જઈ બેસે છે અને વાતચીત કરતા જણાય આવે છે અને ત્યારબાદ સદર બંને આરોપીઓ ત્યાંથી પરત ફરે છે.ત્યારબાદ સદર સી.સી.ટી.વી.કેમેરામા કલાક ૧૯–૨૨ ની આસપાસ સદર બંને આરોપીઓ સાથે એક આઠથી દશ વર્ષની બાળકી જોવા મળે છે જે વારંવાર ફરીયાદીના દિકરા પાસે જાય છે.એટલુજ નહી તેને પોતાની પાસે બોલાવવા દુરથી ઈશારા કરતી હોય તેવું પણ જણાય આવે છે. વધુમા સદર સી.સી.ટી.વી.ફુટેજમાંથી એ હકીકત પણ નીકળી આવે છે કે, આરોપી શમાબેન ,શકીનાબેન તથા ઉપરોકત વર્ણવેલ આઠથી દશ વર્ષની બાળકી તથા લીલા કલરનુ ટી.શર્ટ પહેરેલ બાળક કે જે આ કામના કાયદાના સંઘર્ષમા આવેલ બાળક આઝાદહુસેન હોવાનુ જણાય આવે છે અને તેઓ સાથે આરોપી બચુભાઈ બાબરભાઈ ઠાકોર પણ વ્હીલ ચેર ઉપર બેસેલ હોવાનુ જણાય આવે છે. ત્યારબાદ સદર આરોપી શમાબેન તથા આઠથી દશ વર્ષની બાળકી ટીકીટ બારી સામે આવેલ બાંકડા ઉપર બેસેછે અને થોડીવારમા કાયદાના સંઘર્ષમા આવેલ બાળક આઝાદહુસેન ત્યા આવે છે જે તમામનુ ધ્યાન સગીર બાળક પરમવીર ઉપર હોવાનુ જણાય આવે છે.આમ ઉપર મુજબનો ઘટનાક્રમ જોતા આરોપી નં.૧ શમાબેન,આરોપી નં.ર શકીનાબેન,આરોપી નંબર.૪ બચુભાઈ તથા કાયદાના સંઘર્ષમા આવેલ બાળક આઝાદ–હુસેનની હાજરી એકી સાથે જોવા મળે છે અને તેઓ સાથે આઠથી દશ વર્ષની બાળકી પણ જોવા મળે છે. જેઓની હીલચાલ વર્તણુંક શંકાસ્પદ હોવાનુ અને તેવી વર્તણુંકથી તેઓ યેનકેન પ્રકારે સગીર પરમવીરને પોતાની પાસે બોલાવવા પ્રયત્ન કરતા હોય તેવુ જણાય આવે છે. વધુમા સદર સી.સી.ટી.વી.નુ ફુટેજ જોતા જણાય આવે છે કે, કલાક ૨૧/૧૫ ની

આસપાસ કાયદાના સંઘર્ષમા આવેલ બાળક આઝાદહુસેન ફરીયાદી જયા બેસેલા તે જગ્યાએ જાય છે અને ત્યા જઈ તેઓના સગીર બાળક પરમવીરને ઉપાડતા દેખાય છે. ત્યારબાદ આજ કાયદાના સંઘર્ષમા આવેલ બાળક સગીર પરમવીરને લઈને ક.૨૧/૧૫ ના અરસામાં આણંદ રેલ્વે સ્ટેશનના પ્ટેલફોર્મ તરફ જતા દેખાય છે.અને ક.૨૧/૧૬ વાગ્યાના અરસામાં આરોપી શમાબેન તથા આઠથી દશ વર્ષની બાળકી સામેના પ્લેટફોર્મ ઉપર જતી જોઈ શકાય છે અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક ગુમ થનાર સગીર બાળક પરમવીરને લઈને પ્લેટફોર્મ નં.૧ ઉપરથી પાટા ટપીને સામેના પ્લેટફોર્મ તરફ જતા જોઈ શકાય છે.ત્યારબાદ ક.૨૧/૧૯ વાગે આરોપી શમાબેન તથા કાયદાના સંઘર્ષમા આવેલ બાળક આઝાદહુસેન ગુમ થનાર બાળક પરમવીરને લઈને એક ઉભેલી ટ્રેનમા ચડતા દેખાય છે અને તેની પાછળ પાછળ લગભગ બે મીનીટ પછી આરોપી નં.૨ શકીનાબેન પણ એજ ટ્રેનમા એજ ડબ્બામા ચડતી દેખાય છે અને ત્યારબાદ આ ટ્રેન ઉપડી જાય છે. સદર મુજબનો ઘટનાક્રમ જોતા ફરીયાદીના સગીર પુત્ર પરમવીરને કાયદાના સંઘર્ષમા આવેલ બાળક ઉપાડીને લઈ ગયેલ હોવાનુ અને તે પ્લેટફોર્મ તરફ જઈ આરોપી શમાબેન ,આરોપી શકીનાબેન ગુમ થનાર બાળક સાથે ટ્રેનમા ચડી ગયેલાનુ ફલીત થાય છે. આ દરમીયાન સહ આરોપી બચુભાઈ બાબરભાઈ ઠાકોર તથા સલીમહુસેન ઈકબાલહુસેન શેખ આણંદ રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૩ ઉપર ક.૨૧-૨૨ થી ૨૧-૨૫ સુધી બેઠેલા જોઈ શકાય છે અને લગભગ ક.૨૧-૨૬ વાગે બીજી એક ટ્રેન આવે છે જેમા આ બંને આરોપીઓ ચડે છે. ઉપર મુજબની તમામ હકીકતો આણંદ રેલ્વે સ્ટેશનના સી.સી.ટી.વી.ફુટેજના આધારે જોઈ શકાય છે. ત્યારપછી આ કામે નડીયાદ રેલ્વે  સ્ટેશન ફુટ ઓવર બ્રીજનુ સી.સી.ટી.વી.કેમેરાનુ ફુટેજ પણ લેવામાં આવેલ છે અને તેની સી.ડી. પણ આ કામે સામેલ રાખેલ છે જે જોતા તેજ દિવસે ક.૨૧-૪૪ ના અરસામાં આરોપી નં.૧ શમાબેન, નં.૨ શકીનાબેન, કાયદાના સંઘર્ષમા આવેલ બાળક આઝાદહુસેન તથા આઠથી દસ વર્ષની બાળકી અને ઉપર મુજબના ઘટનાક્રમમાં નહી દેખાયેલ આરોપી નં.૫ જાવેદભાઈ સલીમભાઈ ફકીરને એકી સાથે જોઈ શકાય છે અને તેઓની સાથે ગુમ થનાર બાળક પરમવીર પણ હોવાનુ જણાય આવે છે. થોડીવાર પછી લગભગ ૨૨-૦૦ કલાકના અરસામાં આજ ફુટ ઓવર બ્રીજ ઉપર આરોપી નં.૩ સલીમહુસેન ઈકબાલભાઈ શેખ હાથમા વ્હીલ ચેર લઈને આવે છે અને તેમની પાછળ પાછળ આરોપી નં.૪ બચુભાઈ બાબરભાઈ ઠાકોર પણ ઢસડાતા ઢસડાતા બ્રીજ ઉપરના દાદર ચડીને આવે છે અને આરોપી સલીમહુસેન પાસે પહોચે છે અને ત્યાંથી તેઓ આગળ જાય

છે. આમ સદર તમામ ઘટનાક્રમને સંયુકત રીતે જોવામાં આવે તો તમામ આરોપીઓની હાજરી બનાવવાળા સ્થળે પ્રસ્થાપીત થાય છે. અલબત અમુકની હાજરી બનાવ બન્યો તે પહેલાની હતી. અમુકની હાજરી જે વખતે બાળકને ઉપાડયુ તે વખતે હતી અને અમુકની હાજરી બાળકને ઉપાડયા બાદ હોવાનુ જણાય આવે છે. જેથી તે હકીકત માની શકાય તેમ છે કે તમામ આરોપીએ પ્રથમથી જ પોતાનો ગુનાહીત હેતુ પાર પાડવાના આશયથી બાળક પરમવીરનુ અપહરણ કરવામાટે કાવતરુ રચેલ હોય અને તમામે એકબીજાની મદદગારીમા તેને અંજામ આપી તેનુ અપહરણ કરી લઈ જઈ નડીયાદ પહોચેલહોય તેવુ સ્પષ્ટપણે આ સી.સી.ટી.વી.કુટેજથી પ્રસ્થાપીત થાય છે.

(૨૯) બચાવપક્ષના વિ.વ.શ્રી.ઘ્વારા સી.સી.ટી.વી.કુટેજની કાયદેસરતા અન્વયે વાંધો લીધેલ છે અને સદર કામે એવી દલીલ કરેલ છે કે સી.સી.ટી.વી.કુટેજની ડી.વી.આર. આ કામે કબજે લેવામા આવેલ નથી. અત્રે એ હકીકત ઉલ્લેખનીય છે કે, અગાઉ ચર્ચા કરી તે મુજબ બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રીએ આંક–૫૭થી રજુ થયેલ સી.સી.ટી. વી. કુટેજની સી. ડી, પેઈન ડ્રાઈવ તથા ૬૫(૪)(બી)મુજબનુ પ્રમાણપત્ર કબુલ રાખતા તેને પુરાવામાં દાખલ કરવામાં આવેલ છે. જેથી હવે તે પુરાવા અંગે તકરાર લેવા માટે તેઓને કોઈ અધીકાર નથી. વધુમા ડી.વી.આર.એ પ્રાથમીક પુરાવો કહી શકાય. જયારે પ્રાથમીક પુરાવો રજુ થતો હોય તેવા સંજોગોમાં કલમ–૬૫(૪)(બી) મુજબના પ્રમાણપત્રની કોઈ આવશ્યકતા નથી. પરંતુ આ કામે ડીવી.આર. રજુ ન થતા કુટેજ મેળવી તેની સી.ડી. રજુ કરવામા આવતી હોય તે સેકન્ડરી એટલે કે ગૌણ પુરાવો કહી શકાય અને જયારે ગૌણ ઈલેકટ્રોનીક પુરાવો રજુ થતો હોય તેવા સંજોગોમાં કલમ–૬૫(૪)(બી) મુજબનુ પ્રમાણપત્ર રજુ કરવુ આવશ્યક છે અને તેથી જ તેવુ પ્રમાણપત્ર આ કામે રજુ કરી ગૌણ પુરાવામા ગ્રાહય રાખવામાં આવેલ છે જે હકીકતે ડી.વી.આર. રજુ કરવાની કોઈ આવશ્યકતા રહેતી નથી અને તેથી બચાવપક્ષ ઘ્વારા ડી.વી.આર. રજુ ન કરેલ હોવાની તકરાર લેવામા આવી છે તે ગ્રાહય રાખી શકાય તેમ નથી.

ઉપર ચર્ચા કરી તે મુજબ સી.સી.ટી.વી.કુટેજના આધારે પ્રસ્થાપીત થયેલ છે કે ફરીયાદીના સગીર પુત્ર પરમવીરનુ તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામા ગુનાહીત કૃત્ય આચારવાના હેતુસર કાવતરુ રચી અપહરણ કરેલ છે. અત્રે એ હકીકત નોધનીય છે કે માત્ર સી.સી.ટી.વી.કુટેજ ઉપર આધાર રાખી આરોપીઓને ગુનાના કામે તકસીરવાન ઠરાવવા યોગ્ય નથી. કારણ કે ઈલેકટ્રોનીક સ્વરુપનો પુરાવો નબળો

પુરાવો કહી શકાય. જયા સુધી અન્ય સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોય ત્યા સુધી ઈલેકટ્રોનીક સ્વરુપના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. આ કામે હવે એ હકીકત જોવાની રહે છે કે, અન્ય કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર આવે છે કે કેમ. જે અંગે સૌ પ્રથમ સાહેદ નં.૯ પ્રદીપસિંહ કુલસીંહ ગોહીલનો આંક-૨૯ નો પુરાવો ધ્યાને લેવામા આવે તો તા.૧૦/૩/૧૭ ના રોજ ઈ.પી.આઈ.શ્રી.બારીયા સાહેબને અપહરણ થયેલ બાળક બાબતે બાતમી મળેલ અને તેનાઅનુસંધાને ફરીયાદીને સાથે રાખી સરકારી વાહનમા વડોદરા રેલ્વે સ્ટેશનથી પાલેજ રેલ્વે સ્ટેશને પહોચેલા જયા રેલ્વે સ્ટેશનના મુસાફરખાનામા ચાર સ્ત્રીઓ, પુરુષ અને બે નાના બાળકો જોવા મળેલા તે પૈકી એક નાના બાળકને ફરીયાદીએ પોતાના બાળક તરીકે ઓળખી બતાવેલ જેથી તે ચારેય સ્ત્રી પુરુષ અને બે બાળકોને પકડી પંચો રુબરુ પંચનામુ કરી,તેઓના નામઠામ પુછેલ જેમા તેઓ હાલના આરોપી શમાબેન જાવેદભાઈ શેખ,શકીનાબેન સલીમહુસેન શેખ,સલીમહુસેન ઈકબાલભાઈ શેખ, બચુભાઈ બાબરભાઈ ઠાકોર કે જેઓ પાસે વ્હીલચેર હતી તેઓ મળી આવેલ.આમ સદર સાહેદના પુરાવા મુજબ જયારે બાતમી મુજબ તેઓ ફરીયાદીને સાથે રાખી પાલેજ રેલ્વે સ્ટેશને પહોચ્યા ત્યારે ફરીયાદીના પુત્ર સગીર પરમવીર આરોપી નં.૧,૨,૩,૪ નાઓ સાથે હોવાનુ અને તેની પાસેથી જ મળી આવેલ હોવાનુ જણાય આવે છે. મજકુર હકીકતને ફરીયાદી અર્જુનસીંગ ટેકસીંગના આંક-૧૧ ના મૌખિક પુરાવાથી તેમજ પાલેજ સ્ટેશને આરોપીઓ તથા સગીર પરમવીર હોવાની બાતમી જે અધીકારીને મળેલ તે બીજેન્દ્રકુમાર જીથરાભાઈ બારીયાના આંક-૫૨ ના મૌખિક પુરાવાના આધારે પણ સમર્થન પ્રાપ્ત થાય છે. આમ સદર હકીકતે આરોપી નં.૧ થી ૪ નાઓ ગુમ થનાર બાળક પરમવીર સાથે બનાવના લગભગ એક માસ પછી પાલેજ રેલ્વે સ્ટેશનના મુસાફરખાનામાંથી મળી આવે છે જેથી સદર હકીકતે આ કામે ઈલેકટ્રોનીક પુરાવા અંગે જે ઉપર ચર્ચા કરી છે તે મુજબ તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામા ફરીયાદીના સગીર પુત્ર પરમવીરનુ અપહરણ કરવા માટે ગુનાહીત કૃત્ય આચરવાના ઈરાદે કાવતરુ રચી તે સગીર બાળકનુ અપહરણ કરેલ હોવાનુ ફલીત થયેલ છે તે હકીકતને આરોપી નં.૧ થી ૪ની હાજરી સદર સગીર બાળક સાથે એક માસ પછી પાલેજ રેલ્વે સ્ટેશનથી મળી આવે છે અને તે હકીકતથી સમર્થન પ્રાપ્ત થાય છે.

(૩૦) સદર કામે બચાવપક્ષ ધ્વારા સાહેદની ઉલટતપાસ દરમીયાન એવો બચાવ ઉપસ્થિત કરવા પ્રયત્ન કરવામાં આવેલ છે કે, પાલેજ રેલ્વે સ્ટેશનમા મુસાફરખાનામા

હાલના આરોપીઓ સિવાય અન્ય પણ ઈસમો બેઠેલા હતા અને તેઓની પાસે ભિક્ષાવૃતિ માટેના કોઈ સાધનો ન હતા જેથી ગુમ થનાર બાળક હાલના આરોપીઓ પાસેથી જ મળી આવેલ છે તેવુ માની શકાય નહી.બચાવપક્ષની સદર રજુઆતને ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. કારણ કે સદર કામે ફરી.પક્ષે જે ઈલેક્ટ્રોનીક સ્વરુપનો પુરાવો રજુ થયેલ છે તેના આધારે પ્રથમથી જ તમામ આરોપીઓની હીલચાલ તથા વર્તણુંક શંકાસ્પદ હોવાનુ જણાય આવે છે અને તેઓનાઈ ઈરાદો યેનકેન પ્રકારે સગીર બાળકનુ અપહરણ કરવાનો હોય તેવુ પણ જણાય આવે છે.એટલુજ નહી સદર ઈલેક્ટ્રોનીક સ્વરુપના પુરાવાના આધારે તમામ આરોપીઓ એકબીજાના મેળાપીપણામા સગીર બાળકને ઉપાડી જઈ ટ્રેનમા ચડેલ હોવાનુ અને નડીયાદ રેલ્વે સ્ટેશન ભેગા થયેલ હોવાનુ જણાય આવે છે અને ત્યારબાદ લગભગ એક માસ પછી ગુમ થનાર બાળક પરમવીર સાથે આરોપી નં.૧ થી ૪ નાઓ પાલેજ રેલ્વે સ્ટેશન મુસાફરખાનામાંથી મળી આવે છે જે ઘટનાક્રમ મુજબ માનવાનુ રહે છે કે, પાલેજ રેલ્વે સ્ટેશન મુસાફરખાનામા સગીર બાળક પરમવીર હાલના આરોપી નં.૧ થી ૪ પાસે જ હતો અને તેઓ પાસેથી જ કબજે લેવામા આવેલ છે. અત્રે એ હકીકત નોંધનીય છે કે, આંક-૧૯ થી આરોપીઓને અટક કર્યા અંગેનુ પંચનામુ રજુ કરવામા આવેલ છે જે પંચનામાના પંચ સાહેદો કૌસરબાનુ ઈમ્તીયાઝને આંક-૩૭ થી તપાસેલા છે જેઓ ફરી.પક્ષના કેસને સમર્થન આપતા નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે.ત્યારબાદ કોર્ટની પરવાનગીથી તેઓની ઉલટતપાસ કરવામા આવેલ છે તે દરમીયાન પણ તેઓએ કોઈ ફળદાયી હકીકત જાહેર કરેલ નથી અને આમ પંચનામાને સમર્થન આપેલ નથી. પરંતુ તેવી માત્ર હકીકતના આધારે પંચનામુ ખોટુ હોવાનુ અને પંચનામાની વિગતે કાર્યવાહી કરેલ ન હોવાનુ માની શકાય તેમ નથી. આ કામે ફરીયાદી, સાહેદ નંબર.૯ પ્રદીપસીંહ ,સાહેદ નં.૧૭ બીજેન્દ્રકુમાર જીથરાભાઈ બારીયાના પુરાવાથી આંક-૧૯ વાળુ પંચનામુ સ્થળ ઉપર થયેલ હોવાનુ અને તે મુજબ આરોપીઓને અટક કરી આરોપીઓ પાસેથી સગીર પરમગીરનો કબજો મળી આવેલ હોવાનુ પ્રસ્થાપીત થતુ હોય, માત્ર પંચનામાના પંચ સાહેદો પંચનામાને સમર્થન ન આપતા હોવાની હકીકતના કારણે તેવી હકીકતને નકારી શકાય નહી અને પંચનામાને બાજુએ મુકી શકાય નહી.

(૩૧) આમ,ઉપરોકત તમામ ચર્ચા કરેલ પુરાવા મુજબ તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામા અને મદદગારીથી ફરીયાદીના પુત્ર સગીર પરમવીરનુ અપહરણ કરવાના ગુનાહીત કૃત્ય કરવાના ઈરાદે કાવતરુ રચી તેનુ અપહરણ

કરેલ હોવાનુ અને ત્યારબાદ તે બાળક સાથે આરોપી નં.૧ થી ૪ પકડાઈ ગયેલ હોવાનુ પુરવાર થાય છે.સદર કામે આરોપીઓ વિરુધ્ધ જે તહોમતનામુ ઘડવામું આવેલ છે તે મુજબ ઈ.પી.કો.ક.૩૬૩(ક) મુજબના આક્ષેપો કરવામા આવેલા છે. સદર કલમ–૩૬૩(ક)ની જોગવાઈ નીચે મુજબ છે.

**કલમ–૩૬૩(ક):– ભીખ મંગાવવા માટે કોઈ સગીરનુ અપહરણ અથવા તેને અપંગ બનાવવુ:**

(૧) કોઈપણ વ્યકિત,કોઈ સગીર વ્યકિતને ભીખમાંગવાના કામે લગાડાય અથવા તેનો ઉપયોગ કરાય તે માટે તેનુ અપહરણ કરે અથવા પોતે તેનો કાનૂની વાલી ન હોય છતા તે સગીર વ્યકિતનો હવાલો મેળવે તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે.

સદર જોગવાઈને વંચાણે લઈ ધ્યાને લેવામાં આવે તો ફરી.પક્ષે એ હકીકત પુરવાર કરવાની રહે છે કે સગીરનુ અપહરણ થયેલ છે તે પાછળનો હેતુ તેની પાસે ભીખ મંગાવવા માટેનો હતો. આ કામે એ હકીકત સ્વીકૃત છે કે તમામ આરોપીઓનો વ્યવસાય ભિક્ષાવૃતિનો છે. ફરીપક્ષના કેસ મુજબ સગીર પરમવીરનુ અપહરણ કરી તેના વાળ કપાવવામા આવેલા છે જે અંગે સાહેદ નં.૧૦ કમલેશભાઈ લાલજીભાઈને આંક–૩૦ થી તપાસવામાં આવેલા છે જેના પુરાવા મુજબ બનાવના અરસામા તેઓ વાળંદ તરીકે દુકાન ધરાવતા હતા ત્યારે એક સ્ત્રી નાના બાળકને લઈને તેની લોટી કરાવવા આવેલ જેના વાળ કાપીને લોટી કરેલ હોવાનુ જણાવે છે. પરંતુ તે સ્ત્રી તથા બાળકને સદર સાહેદ ઓળખી શકેલ નહી જેથી સદર સાહેદના પુરાવા મુજબ સગીર પરમવીરના વાળ આ સાહેદે કાપેલા કે કેમ તે કહી શકાય નહી.પરંતુ સદર કામે ફરી.પક્ષે ફરીયાદી, સાહેદ નં.૯ પ્રદીપસીંહ કુલસીંહ ગોહીલ તથા સાહેદનં.૧૭ બીજેન્દ્રકુમાર જીથરાભાઈ બારીયાનો પુરાવો જોવામા આવે તો તેઓ જયારે પાલેજ રેલ્વે સ્ટેશન પહોચ્યા ત્યારે સગીર બાળક પરમવીર આરોપીઓ સાથે જણાય આવેલ અને તે વખતે સદર સગીર બાળક પરમવીરના વાળ કાપેલા હતા. અત્રે એ હકીકત ઉલ્લેખનીય છે કે સી.સી.ટી.વી.ફુટેજ જોતા આણંદ રેલ્વે સ્ટે.થી સગીર બાળકનુ અપહરણ કર્યુ ત્યારે તેના વાળ ઘણા લાંબા હતા. ત્યારબાદ જયારે પાલેજ રેલ્વે સ્ટે.મા તે મળી આવેલ ત્યારે વાળ કાપેલા હતા અને લોટી હતી. આ દરમીયાન ગુમ થનાર બાળક આરોપી પાસે હોવાનુ ફલીત થયેલ છે. જેથી માનવાનુ રહે છે કે, હાલના આરોપીઓ કે તે પૈકી કોઈ આરોપીએ સદર સગીર પરમવીરના વાળ કપાવી લોટી કરાવેલ છે. જેથી સદર હકીકતે જયારે તમામ આરોપીઓનો વ્યવસાય

ભિક્ષાવૃતિ જ હોય અને તેઓ ધ્વારા જ સગીર પરમવીરનુ અપહરણ કરવામાં આવેલ હોય અને ત્યારબાદ તેના વાળ પણ કપાવી નાંખવામા આવેલ હોય તો એ હકીકત માનવાની રહે છે કે તમામ આરોપીઓનો ઈરાદો આ સગીર બાળકને પણ ભિક્ષાવૃત્તિમા સંડોવવાનો હતો અને તેને સાથે રાખીને જ ભીક્ષાવૃતિ કરવાનો હતો જેથી બચાવપક્ષના બચાવ મુજબ જયારે સગીર બાળકને આરોપીઓ સાથે જોયેલ ત્યારે તે સગીર બાળકને ભીખ મંગાવતા હોય તેવુ જણાય આવેલ નહી તેવી હકીકતથી માની શકાય નહી કે સગીર બાળકને ભીક્ષાવૃત્તિ કરવા માટે ઉપાડી જઈ અપહરણ કરેલ નથી.

(૩૨) આમ,ઉપરની તમામ ચર્ચા કરેલ વિગતે અને હકીકતને તથા કેસમા રજુ થયેલ પુરાવાનુ તુલનાત્મક રીતે મુલ્યાકંન કરતા સ્પષ્ટપણે જણાય આવે છે કે આરોપીઓ ધ્વારા એકબીજાના મેળાપીપણામા ફરીયાદીના સગીર બાળક પરમવમીરનુ ભીક્ષાવૃત્તિ કરાવવાના ઈરાદે ગુનાહીત કૃત્ય પાર પાડવાના હેતુસર કાવતરુ રચી અપહરણ કરેલ છે અને ત્યારબાદ સદર ગુમથનાર બાળક પરમવીર હાલના આરોપીઓ પૈકી આરોપી નં. ૧,૨,૩,૪ પાસેથી તારીખ.૧૦/૦૩/૧૭ના રોજ મળી આવેલ છે જે હકીકતે ઈ.પી.કો.ક.૩૬૩(ક) મા જણાવેલ આવશ્યક તત્વો સફળતાપુર્વક પુરવાર થતા હોય અને તેના આધારે ફરીયાદીના સગીર વયના પુત્ર પરમવીર ઉંમર વર્ષ ૨ા નુ તમામ આરોપીઓએ ભીખ મંગાવાના કામે લગાડવા અથવા તો તેનો ઉપયોગ કરવાના હેતુ માટે અપહરણ કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર થાય છે. વધુમાં અગાઉ ચર્ચા કરી તે મુજબ તમામ આરોપીઓ પ્રથમથી જ એકબીજાના મેળાપીપણામા બાળકનુ અપહરણ કરવાના ગુનાહીત કૃત્યનો હેતુ પાર પાડવાના હેતુસર કાવતરુ રચેલ હોવાનુ પણ અને તેવા કાવતરાના ભાગરુપે બાળકનુ અપહરણ કરેલ હોય તેવુ પણ નિ:શંકપણે પુરવાર થાય છે જે હકીકતે ફરી.પક્ષ ધ્વારા તમામ આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ-૩૬૩(ક)ની પેટા કલમ-૧ ની સાથે જુવેનાઈલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન એકટ ૨૦૧૫)ની કલમ-૮૪ ની જોગવાઈ મુજબ તથા ભારતીય દંડ સંહીતાની કલમ-૧૨૦(બી) મુજબ ગુનો કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર કરેલ હોય સદર કામે ઉપસ્થિત થયેલ મુદા નં.૧ નો ઉત્તર હકારમા ઠરાવી મુદા નં.૨ પરત્વે નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

**// હુકમ. //**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૨) મુજબ તમામ

આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩(ક)ની પેટા કલમ–૧ ની સાથે વાંચતા જુવેનાઈલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન એકટ ૨૦૧૫)ની કલમ–૮૪ ની જોગવાઈ મુજબ તથા ભારતીય દંડ સંહીતાની કલમ–૧૨૦(બી) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે અને સજાના પ્રશ્ને તેઓને સાંભળવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ. ૨૫ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કરેલ છે.

તા.૨૫/૦૨/૨૦૨૧. **( એસ.એ. નકુમ )**
આણંદ. ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
આણંદ
(જજ કોડ નં.જી.જે.૦૦૬૫૨)

**<u>સજા અંગે હુકમ.</u>**

સદર કામે આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ગુનાઓ પૈકી તમામ આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩(ક)ની પેટા કલમ–૧ ની સાથે વાંચતા જુવેનાઈલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન એકટ ૨૦૧૫)ની કલમ–૮૪ ની જોગવાઈ મુજબ તથા ભારતીય દંડ સંહીતાની કલમ–૧૨૦(બી) ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામા આવેલ છે.

સદર કામે આરોપીઓ તરફે વિ.વકીલશ્રીને સજા અંગે સાંભળવામા આવેલ છે જેઓએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે આરોપીઓ પૈકી આરોપી નં.૧ તથા નં.૨ સ્ત્રી બાઈ છે અને તેઓની સાથે એક કુમળીવયની સગીર બાળકીને પણ જેલમા રહેવુ પડે છે.આરોપી નં.૪ વૃધ્ધ અપંગ વ્હીલચેર ના સહારે ચાલતા ઈસમ છે અને કોઈના ટેકા વગર ચાલી શકે તેમ નથી. તમામ આરોપીઓ ગરીબ વર્ગના છે અને કુટુંબના ગુજરાન ચલાવવાની જવાબદારી તેઓના શીરે રહેલી છે. તે તમામ સંજોગોને ધ્યાને રાખી કુંણુ વર્તન દાખવવા અને ઓછામા ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે.

જયારે સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી. ગઢવી ધ્વારા એવી રજુઆત કરેલ છે કે આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોવાનુ પુરવાર થયેલ છે. તેઓ ધ્વારા કરવામાં આવેલ કૃત્ય તથા તે અંગેની જાહેર જનતા ઉપર અસરને ધ્યાને રાખી સમાજમા દાખલો બેસે તેવા હેતુથી કાયદામાં પ્રસ્થાપિત કરેલ મહત્તમ સજા તથા દંડ કરવા રજુઆત કરેલ છે.

સદર કામે ઉભયપક્ષના વિ.વ.શ્રીઓની સજા અંગે રજુઆત સાંભળવામા

આવેલ છે અને ધ્યાને લેવામા આવેલ છે. સદર કામમા આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩(ક)ની પેટા કલમ–૧ ની સાથે વાંચતા જુવેનાઈલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન એકટ ૨૦૧૫)ની કલમ–૮૪ ની જોગવાઈ મુજબ તથા ભારતીય દંડ સંહીતાની કલમ–૧૨૦(બી) મુજબનો ગુનો પુરવાર થયેલ છે.સદર આરોપીઓ હાલ ન્યાયીક હીરાસતમાં છે. આરોપીઓ પૈકી આરોપી નં.૧,૨ સ્ત્રી બાઈ છે તે પૈકી આરોપી નં.૨ સાથે એક કુમળીવયની બાળકી પણ જેલમાં જ રહે છે.જયારે આરોપી નં.૪ વૃધ્ધ અપંગ વ્યકિત છે.વધુમાં તમામ આરોપીઓ ભીક્ષાવૃતિનો વ્યવસાય કરે છે અને ગુજરાન ચલાવે છે જેથી જે તમામ હકીકતોને ધ્યાને રાખી તથા ગુનાની ગંભીરતા તેની સમાજ ઉપર પડતી અસર વિગેરેને ધ્યાને રાખી ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ ફરમાવવામા આવે છે.

## // આ ખ રી હુ ક મ. //

આ કામના–આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની ક.૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩(ક)ની પેટા કલમ–૧ ની સાથે વાંચતા જુવેનાઈલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન એકટ ૨૦૧૫)ની કલમ–૮૪ ની જોગવાઈ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને ૦૫ ( પાંચ )વર્ષની સાદી કેદની સજા તથા પ્રત્યેક આરોપીને રુા.૧,૦૦૦/–(અંકે રુપીયા એક હજાર પુરા)દંડ ફરમાવવામાં આવે છે અને જો પ્રત્યેક આરોપી દંડની રકમ ન ભરે તો પ્રત્યેક આરોપીએ વધુ ૧૫(પંદર)દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

તથા ભારતીય દંડ સંહીતાની કલમ–૧૨૦(બી) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને ૦૨ ( બે)વર્ષની સાદી કેદની સજા તથા પ્રત્યેક આરોપીને રુા. ૫૦૦/–(અંકે રુપીયા પાંચસો પુરા) દંડ ફરમાવવામાં આવે છે અને જો પ્રત્યેક આરોપી દંડની રકમ ન ભરે તો પ્રત્યેક આરોપીએ વધુ ૧૦ ( દસ )દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ ઉપરોકત તમામ સજા એકી સાથે ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ કાચા કામના કેદી તરીકે જેટલા દિવસો જેલમા રહયા હોય તેટલા દિવસો મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કો.ક.૩૬૩ મુજબ સદર આરોપીઓને આ હુકમની એક સહી સીકકાવાળી સર્ટીફાઈડ નકલ તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

આ કામે મુદામાલ આર્ટીકલ નં.૧,૬,૭ નો અપીલ સમય વિત્યા બાદ નાશ

કરવો.

મુદામાલ આર્ટીકલ નં.૨,૩,૪,૫,૮,૯,૧૦ અપીલ સમય વિત્યાબાદ આરોપી નં.૧ ને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ આર્ટીકલ નં.૧૧,૧૨ આરોપી નં.૩ સલીમહુસેન ઈકબાલભાઈ શેખને અપીલ સમય વિત્યા બાદ પરત સોપવાનો હુકમ કરવામા આવે છે.

મુદામાલ આર્ટીકલ નં.૧૩ આરોપી નં.૪ બચુભાઈ બાબરભાઈ ઠાકોરને અપીલ સમય વિત્યા બાદ પરત સોપવાનો હુકમ કરવામા આવે છે.

ઠરાવ આજ તારીખ.૨૫ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરેલ છે.

તા.૨૫/૦૨/૨૦૨૧.
આણંદ.

**( એસ.એ. નકુમ )**
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
આણંદ
(જજ કોડ નં.જી.જે.૦૦૬૫૨)